સાતમી ગુજરાત સાહિત્ય પરિષદ્‌ના જૈન વિભાગના અધ્યક્ષ
શ્રીયુત્ પંડિત ફત્તેહચંદ કર્પૂરચંદ લાલનનું ભાષણ.

જૈન સાહિત્યની હિતાવહ દિશા.

यो विश्वं वेदवेद्यं जननजलनिधेर्भङ्गिनः पारदृश्वा,
पूर्वापर्याविरुद्धं वचनमनुपमम् निष्कलंकं यदीयम्;
तं वंदे साधुवंद्यं सकलगुणनिधिं ध्वस्तदोषद्विषन्तम्,
बुद्धं वा वर्द्धमानं शतदलनिलयं केशवं वा शिवं वा. १

बोधागाधं सुपदपदवीनीरपूराभिरामम्,
जीवाऽहिंसाऽविरललहरिसंगमागाहदेहम्;
चूलावेलं गुरुगममणिसंकुलं दूरपारम्,
सारंवीरागमजलनिधिं सादरं साधु सेवे. २

૧—જેમના જ્ઞાને જાણવા યોગ્ય સમગ્ર વિશ્વને જાણ્યું છે, જેઓના દર્શને સંસારરૂપ મહાસમુદ્રનો પાર દીઠો છે, જેમનું પ્રવચન (આગમ) પૂર્વાપર અવિરૂદ્ધ છે, અનુપમ છે, ને નિષ્કલંક છે, જેઓ સાધુજનોને પણ વંદ્ય છે, સકળ ગુણના ભંડાર છે, દોષ-રૂપ શત્રુનો નાશ કરનાર છે, એવા કોઇપણ પુરૂષવિશેષને હું વંદન કરૂં છું. પછી જોઇએ તો તે બુદ્ધ હો, વર્ધમાન હો, બ્રહ્મા હો, વિષ્ણુ હો, કે મહાદેવ હો.

૨—જેમ સમુદ્ર અથાગ હોય છે તેમ અપરિમિત જ્ઞાનવાળા જિનાગમો પણ અથાગ છે. જળની અતિશયતાને લીધે જેમ સમુદ્ર સુંદર લાગે છે, તેમ લલિત પદોની રચનાને લઇને આગમ પણ સુંદર લાગે છે. ઉપરાઉપરી મોજાઓ ઉડતા હોવાથી સમુદ્રમાં પ્રવેશ કરવો કઠણ લાગે છે, તેમ જીવદયા સંબંધી સૂક્ષ્મ વિચારોથી જિનાગમો પરિપૂર્ણ હોવાથી તેમાં એકદમ પ્રવેશ કરવો કઠણ લાગે છે. સમુદ્રમાં મોટા મોટા તટ હોય છે તેમ આગમમાં પણ મોટી મોટી ચૂલિકાઓ-પૂરવણી હોય છે. સમુદ્રમાં રત્ન—મોતી અને પરવાળા જેવી વસ્તુઓ છે તેમ આગમમાં ઉત્તમ **ગમ**—આલાવા (અર્થાત્ અનેકાર્થ બોધવાળા સદશ પાઠ) હોય છે. સમુદ્રની જેમ આગમનો પાર પામવો—અર્થાત તે સંપૂર્ણ રીતે સમજવું અત્યંત કઠિણ હોય છે. એવા આગમોની હું ભક્તિ તથા વિધિપૂર્વક સેવા કરૂં છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાહિત્યરસિક આત્મપ્રિય સુશીલ બ્હેનો અને સુજ્ઞ બાંધવો !

સમાજસેવા અને જ્ઞાનસેવા કરવા જેટલું મારામાં બળ હો કે ડહાપણ હો યા ન હો પણ મારા અંતરને તે અત્યંત પ્રિય છે; એટલા માટે જ્યારે આ પરિષદ્‌ના વિદ્વાન્ મંત્રીઓ તરફથી પરિષદ્‌ના જૈન વિભાગનું પ્રમુખપદ સ્વીકારવાનો આદેશ આવ્યો ત્યારે મને મારી અયોગ્યતાનું સંપૂર્ણ ભાન હોવા છતાં મેં તે આદેશ શિરસાવંદ્ય કર્યો. એટલુંજ નહીં પણ સાહિત્યના ક્ષેત્રમાં મને સેવા કરવાની એક અલભ્ય તક આપી તે માટે તેજ વખતે મેં તેમનો અંતઃકરણ પૂર્વક ઉપકાર માન્યો. અત્યારે ફરીથી વાણીથી એ ઉપકાર હું વ્યક્ત કરૂં છું.

વકતૃત્વકળાને અપનાવવા જે કાંઇ મેં શ્રમ લીધો છે તેવો લેખ લખવાનો પ્રયત્ન ન થવાથી સ્વાનુભવદર્પણનો દુઃખદ પ્રસંગ મને યાદ આવ્યા વિના રહેતો નથી. ફુટનોટમાં રહેલ પ્રમાદને લઇ મ્હારો સમાજ મ્હારા આશયને સમજી શકયો નહીં. જાતે મૂર્ત્તિપૂજક, શ્રદ્ધાએ મૂર્ત્તિપૂજક અને મૂર્તિદ્વારા પ્રભુપૂજનમાં કેવો આનંદ રસ લેવાય છે તેવાં ભાષણો આપવા છતાં અને એ મારો લેખ મારા આશયને બીલકુલ સંદિગ્ધ ન કરતો હોવાથી હું હજીપણ એ લેખની ધીરજપૂર્વક ફુટનોટ વાંચી જવાની ભલામણ કરૂં તો મને ક્ષમા થશે. એટલું કહી આ લેખના શબ્દો કરતાં આશયપર વિશેષ લક્ષ આપવાની સુજ્ઞ શ્રોતાજનોને પ્રાર્થના કરી આ લેખ વાંચવા પ્રારંભ કરૂં છું.

જૈનોનું વાઙ્મય સાહિત્ય—જૈનોના વાઙ્મય સાહિત્ય ઉપર હું જ્યારે વિચાર કરૂં છું ત્યારે મને એમ લાગે છે કે જ્ઞાન એક એવી પવિત્ર પૂર્ણ અને અદ્‌ભુત વસ્તુ છે કે શબ્દમાં આવતાં તેની પવિત્રતા વધવાને બદલે કંઇક ન્યૂન થતી હોય અને લિપિમાં ઉતરતાં તો તેથી પણ વિશેષ ન્યૂન થતી હોય. શ્રી તીર્થંકરોના ઉપદેશ વિષે દિગંબર સંપ્રદાયનો એવો મત છે કે તીર્થંકરો માત્ર ૐ નોજ ધ્વનિ કરે છે અને તેમના મુખ્ય શિષ્યો તેનો ભાવ સમજી વાણીમાં ઉપદેશ આપે છે. શ્વેતાંબર સંપ્રદાય એવો મત ધરાવે છે કે શ્રી તીર્થંકર પ્રભુઓ પોતાના ગણધરોને ઉત્પાદ વ્યય ને ધ્રુવ (ઉત્પત્તિ, વ્યય, અને સ્થિતિ) એ પ્રકારની ત્રિપદીમાં ઉપદેશ આપે છે અને ગણધરો તેને શબ્દમાં ગુંથે છે. આ રીતે વાઙ્મયની પવિત્રતા છેક મહાવીરથી માંડીને ઇ. સ. ના પાંચમા–

---

૧ ધ્વનિમય ૨ વાઙ્મય ૩ લેખમય, ૪ મુદ્રામય.

Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

છઠ્ઠા સૈકા સુધી રહી પછી જેમ જેમ સ્મૃતિભ્રંશ થવા લાગ્યો તેમ તેમ ગણધરો અને શ્રુતકેવળીઓ વિગેરેના ઉપદેશેલા પાઠ ભૂલાવા લાગ્યા. એ સંબંધે એક એવી કથા છે કે ' એક વેળા એક મુનિશ્રીએ કાન ઉપર હળદરનો ગાંઠીયો રાખેલો તે પાછો વાપરવો ભૂલી ગયા; તેથી સમજાયું કે હવે સ્મૃતિભ્રંશ થવા લાગ્યો છે.' એટલે ત્યાર પછી જ્ઞાનને પુસ્તકારૂઢ કરવાનું ઠર્યું અને સઘળા જૈન શ્રમણોએ તે કબુલ રાખ્યું. પછી મથુરામાં સૌ પ્રથમ મુનિપરિષદ મળી અને જે જે મુનિઓને પાઠ યાદ હતા, તે તે તેમણે લખાવ્યા. આ રીતે વાઙ્મય સાહિત્ય હતું તે ગ્રંથસાહિત્યનું સ્વરૂપ પામ્યું. ત્યારપછી શ્રી દેવર્દ્ધિક્ષમાશ્રમણ સૂરિના પ્રમુખપણા નીચે વલ્લભીપુરમાં બીજી મુનિપરિષદ મળી, અને તે વખતે પણ પહેલાની જેમ વાઙ્મય સાહિત્ય ગ્રંથારૂઢ થયું. મથુરાની સાહિત્ય સંયોજનાને માથુરી વાંચના અને વલ્લભીપુરની સાહિત્ય સંયોજનાને વલ્લભી વાંચના તરીકે જૈન સાહિત્યમાં ઓળખાવવામાં આવે છે. ત્યારપછી વિદ્વાન જૈનાચાર્યોએ અનેકાનેક વિષયો વિષે ગ્રંથો લખ્યા અને તેનો પ્રચાર કર્યો. એ ભૂતકાળના પ્રસંગને છોડી હવે આપણે વર્તમાન ઉપર આવીએ.

આજથી લગભગ ૪૦ કે ૫૦ વર્ષ ઉપર જૈન સાહિત્યને છપાવી બહાર પાડવાનો પ્રયત્ન થયો, ત્યારે જેઓ પરંપરાની પવિત્રતાને સાચવી રાખવા ઉત્સુક હતા તેમના તરફથી તેનો વિરોધ કરવામાં આવ્યો; કારણ કે તેઓ એમ માનતા હતા કે એમ થવાથી વાઙ્મયની પવિત્રતા નહીં જળવાય. પરંતુ કાળબળે પોતાનું કામ કર્યું અને આજે પણ કર્યે જાય છે. એટલું તો નિર્વિવાદ છે કે વાઙ્મય સાહિત્ય કરતાં લેખન સાહિત્ય વિશેષ પ્રચાર પામે છે અને હસ્તલિખિત સાહિત્ય કરતાં મુદ્રિત થયેલું સાહિત્ય બહોળા પ્રમાણમાં વંચાય છે. સ્મૃતિ શકિતનો અનાદર કરી જડ સાધનોનો આશ્રય લેવો એ એક પ્રકારનું પરાવલંબન તો છેજ, પણ જે વખતે સ્મૃતિભ્રંશ વધતો જતો હોય, તે વખતે સ્મૃતિને સહાયક થાય તેવા સાધનોનો ઉપયોગ ન કરવો તે કદાગ્રહજ લેખાય અને એવો કદાગ્રહ અનેકાંત મતના ઉપાસકોને તો બીલકુલ શોભાસ્પદ ન ગણાય. પ્રસંગોપાત હું મારા પરંપરાપ્રિય અને પ્રગતિપ્રિય પૂજ્ય મુનિવરો અને ગ્રહસ્થોને સૂચના કરવાની રજા લઉં છું કે હવે વિશેષ સ્મૃતિભ્રંશ ન થાય એટલા માટે ગ્રંથનો ફળવિસ્તાર વધારવાનો તથા જુના-ઉપયોગી ગ્રંથોનો ઉદ્ધાર કરવાનો આપણે બને તેટલો પ્રયત્ન કરવો જોઇએ.

જૈન સાહિત્યનો વિસ્તાર માપવો એ સહજ નથી. જૈનાચાર્યોએ તેને ચાર ભાગમાં વહેંચી નાંખ્યું છે. (૧) દ્રવ્યાનુયોગ (૨) ગણિતાનુયોગ (૩) ચરિ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તાનુયોગ અને (૪) ચરણકરણાનુયોગ. આ ચારે અનુયોગમાં ચાર વેદની પેઠે જૈન સાહિત્ય જીવે છે અને જીવશે.

વિશ્વના સાહિત્યમાં હિંદના સાહિત્યનું સ્થાન ક્યાં છે અને હિંદના સાહિત્યમાં **જૈન સાહિત્યની** જગા કયે સ્થળે છે તે આલેખવાનો પ્રયત્ન કરવો એ મારી શકિતની બહાર છે; તથાપિ જૈન સાહિત્ય જેટલું પ્રકટ થઇ શક્યું છે અને અપ્રકટ રહેલું પ્રકટ થાય તો હિંદ સાહિત્યનું ગૌરવ કેટલું વધે અને તેથી વિશ્વના સાહિત્યમાં કેવું મનોજ્ઞ અભિવર્દ્ધન થાય એ દાખવવા યથાશક્તિ પ્રયત્ન કરીશ.

માનવસૃષ્ટિની ઉન્નતિ કે અવનતિ તેની વિચારની કક્ષા ઉપર આધાર રાખે છે. જેવા વિચાર મનુષ્ય પ્રકટ કરે છે તેવો તે થાય છે. ઉચ્ચ વિચારના સૃષ્ટા પ્રતિભાશાલી વિદ્વજ્જનો છે અને તેમની ગ્રંથસૃષ્ટિ તથા વ્યાખ્યાનસૃષ્ટિના ઉપજીવી માનવજીવો જેવી સૃષ્ટિમાં રહે છે તેવા બને છે.

જૈન-સાહિત્ય શોધખોળનો વિષય—આનંદની વાત છે કે બૌદ્ધ-સાહિત્યના જેટલું નહીં પણ કેટલેક અંશે જૈનસાહિત્ય પણ બૌદ્ધસાહિત્યની પેઠે પાશ્ચાત્ય દેશોમાં ને હિંદમાં પણ હવે શોધખોળનો વિષય થઇ આદર પામવા લાગ્યું છે. વેદબાહ્ય પણ આર્યદર્શનોમાં ગણાતા બુદ્ધ ભગવાન્ કોણ હતા ? અને બૌદ્ધ ધર્મ કેવો છે ? એમ જો પૂછવામાં આવે તો સૌ કોઈ સમજુ ઉત્તર આપે કે બુદ્ધ મહારાજ એક મહાન્ ધર્મના ઉત્પાદક હતા અને એ ધર્મનું મુખ્ય લક્ષ્ય નિર્વાણપ્રાપ્તિ છે. એ નિર્વાણ આખા ભૂમંડળના સર્વ જીવોપર અનુકંપા રાખી વર્તવાથી પ્રાપ્ત થાય છે. બુદ્ધ ભગવાનના સ્વર્ગારોહણ પછી એમના ઉપદેશેલા ધર્મે માત્ર બે એક સૈકામાંજ હિંદનો ધર્મમહિમા વિસ્તારી મૂકયો, એટલુંજ નહિ પણ પોતાની વિજયપતાકા પૂર્વ એશિયાના જાપાન, ચીન ને પાસીફીક મહાસાગરના દ્વિપો, ને સૈબીરીયા ઉપર પણ ફરકાવી. બુદ્ધ ધર્મનું સાહિત્ય હાલ તે તે દેશોમાં, યુરોપમાં અને તેમાં પણ જર્મનીમાં વિશેષ છે.

જૈન કોણ છે ? અને જિનધર્મ શો છે ? એ પ્રશ્ન વિદ્વજ્જનોને પૂછવામાં આવે તો તેનો મનમાનતો ઉત્તર આ દેશમાં બહુ થોડા આપી શકે. યુરોપ અમેરિકામાં તે વિષયના અભ્યાસીઓ હોવાથી તે પ્રશ્નનો ઉત્તર આપનારા કોઇ કોઇ મળે છે. આપણી ધર્મપ્રકૃતિ અને સંસ્કારના પ્રમાણમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણે આ દેશના વિદ્વાનો અને શોધકો પાસે જિનધર્મ અને જૈનદર્શનના સંબંધમાં ઘણી આશા રાખી શકીએ. આપણી એ આશા સંપૂર્ણપણે કેમ ન ફળી ? એ પ્રશ્ન વિચારવાનું મને મન થાય છે. બૌદ્ધધર્મે જે દયાનો ઉપદેશ કર્યો છે, તેના કરતાં જિનધર્મે શું કોઇ પણ પ્રકારે ન્યૂન ઉપદેશ કર્યો છે ? બુદ્ધ ભગવાનના જીવન કરતાં જિનભગવાનનું જીવન શું કોઇ પણ પ્રકારે માનવકલ્યાણમાં પછાત છે ? મને તો લાગે છે કે જૈનધર્મનો સાહિત્યમેરૂ સર્વ કરતાં ઉચ્ચતર અને ઉપકારક છે, માત્ર તેનો અદ્યાવધિ જેવો જોઇએ તેવો પ્રકાશ અને પ્રચાર નથી થયો. આજે હિંદની સંસ્કૃતિ પર તેનો અલ્પતર વિસ્તાર પણ કેવો મહત્વનો ભાગ ભજવી રહ્યો છે અને હિંદના ધર્મો તથા નીતિબંધારણો પર વિશેષે કરી તે કેવી અસર કરી રહ્યો છે, તેમજ કળા ને વિજ્ઞાન, સાહિત્ય ને ભાષા વિગેરેમાં નિગૂઢભાવે રહ્યો રહ્યો કેવાં મીઠાં ને મધુર ફળો ઉપજાવી શક્યો છે તે સર્વ કોઇ ઉદાર હૃદયને જાણવા યોગ્ય છે.

બુદ્ધધર્મના પ્રભાવ વિસ્તારને એક કાળે ઘણા સારા સંયોગો હતા. પરંતુ તેમનું સાહિત્ય રચાય ને વિસ્તરે તે પૂર્વે, એટલે કે આઠમા સૈકામાં બુદ્ધધર્મ હિંદભૂમિપરથી પલાયન થઇ ગયો. જૈનધર્મ તેનો સહયોગી હોવા છતાં હિંદમાં જ ટકી રહ્યો અને આર્યસંસ્કૃતિની પ્રત્યેક શાળામાં પ્રવેશ કરી, નવો જ રસ અને બળ પ્રેર્યાં. જૈનધર્મ અનુસરનારા જૈનોના બે વિભાગ થયા. દિગંબર ને શ્વેતાંબર.

દિગંબર સંપ્રદાયના અધ્યાત્મગ્રંથો સાથે મને થોડો પરિચય થયો છે, કોઇ કોઇ ગ્રંથપર મનન કરી વિવેચનો પણ લખ્યાં છે; પરન્તુ સ્વાભાવિક રીતે જ શ્વેતાંબર સાહિત્યનો મને વધારે અનુભવ છે. જૈનસાહિત્યમાં શિરોમણિરૂપે શ્રી જિનાગમ છે. જે જિનાગમો શ્વેતાંબર સંપ્રદાય માને છે તેજ નામવાળા ગ્રંથો દિગંબરો પણ માને છે. પરંતુ નામ એક હોવા છતાં બન્ને ગ્રંથોમાં વસ્તુ તો ભિન્ન જ હોય છે. દિગંબરોનું માનવું એવું છે કે શ્રી તીર્થંકરોના ઉપદેશો અને આગમોનો તો ક્યારનોએ વિચ્છેદ થઇ ગયો છે.

સૂત્ર-અધિકાર—હિંદુઓના મોટા ભાગની એવી માન્યતા છે કે વેદનો અધિકાર અબ્રાહ્મણો કે સ્ત્રીઓને નથી; તેમ શ્વેતાંબર સંપ્રદાયમાં જે વર્ગ દેરાવાસીના ઉપનામથી ઓળખાય છે તેમની એવી માન્યતા છે કે મુનિવર્ગ સિવાયના ગૃહસ્થ એવાં સ્ત્રી-પુરૂષોને જિનાગમો વાંચવાનો કે ભણવાનો અધિકાર નથી. મુનિવર્ગમાં પણ સાધ્વીજીઓને અમુક અંશે એ અધિકાર નથી. જિના-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગમોના લગભગ બધા વિષયો ઉપર પૂર્વાચાર્યોએ પ્રકરણ ગ્રંથો લખ્યા છે તેથી જિનાગમની ખોટ ઘણે અંશે પૂરી પડે છે. શ્વેતાંબર સંપ્રદાયમાં જે વર્ગ સ્થાનકવાસીના ઉપનામથી ઓળખાય છે તેઓ ૮૪, ૬૩ કે ૪૫ આગમસૂત્રોમાંના માત્ર ૩૨ ને માને છે અને સાધુ, સાધ્વી કે શ્રાવક, શ્રાવિકાને સર્વને વાંચવા-ભણવાની છૂટ આપે છે. સ્થાનકવાસી સંપ્રદાયમાં પ્રકરણ ગ્રંથો કે જેના વિષયો સર્વ કોઇ સહેલાઇથી સમજી શકે તેવી શૈલીથી લખાયા છે તેનો બહુ પ્રચાર નથી. તેઓ ૩૨ સૂત્રો શિવાય તેની ટીકા વિગેરેને કે અન્ય ગ્રંથોને માનતા નથી–સ્વીકારતા નથી.

કંચનશ્રીનો મહિમા—અમારા પરમપૂજ્ય આચાર્યો કેવળ-જ્ઞાનશ્રીથી જ વિશેષે કરીને શોભતા, અને અમારો જૈનવર્ગનો મ્હોટો ભાગ જ્ઞાનશ્રીનેજ પૂજનારો ગણાય છે, છતાં આજે અમારા જૈનસમાજમાં કંચનશ્રીનો મહિમા વધી પડ્યો છે; અને તેથી જ્ઞાનનો રત્નાચળ મ્હોટે ભાગે ઉપેક્ષિત રહ્યો છે. અમારા બધા સૂત્રોમાં આચાર સૂત્રોપર મને વિશેષ ભક્તિ હોવાથી મુનિઓના આચારને દર્શાવનારૂં **શ્રી આચારાંગ સૂત્ર** અને શ્રાવકોના આચારને દર્શાવનારૂં **શ્રી ઉપાશક દશા સૂત્ર** મારા જોવા—જાણવામાં આવ્યાં છે. અમારા આદર્શ પુરૂષ શ્રી મહાવીરનું ચરિત્ર ગૃહવાસમાં અને મુનિપણામાં કેવું ઉત્તમોત્તમ હતું તેનો ખ્યાલ તે સૂત્રો ઉપરથી આબેહુબ આવી શકે છે. વિષયાંતર નહીં પણ વિસ્તારભયથી કંપિત હૃદય હોવા છતાં, શ્રી વીરે સ્વબળે કેવળજ્ઞાન સંપાદન કરી સ્વચરિત્રથી સ્વાવલંબનનો પાઠ માનવજગતને કેવો શીખવ્યો ? એ કહેવાની લાલચ હું રોકી શકતો નથી. તે માટે આચારાંગ સૂત્રના ૨૪ મા અધ્યયનમાંથી હું થોડું અવતરણ અહીં ટાંકુ છું:—

" ભગવાન માગશર વદિ ૧૦ ના સુવ્રત નામના દિને, વિજય મુહૂર્ત્તે, છેલ્લા પહોરે, પાણીવગરના બે ઉપવાસે, સહસ્રવાહિની ચંદ્રપ્રભા નામની શિબિકા-પાલખી ઉપર ચડી, દેવ, મનુષ્ય તથા અસુરોની પર્ષદાઓ સાથે ચાલતાં ચાલતાં ક્ષત્રિયકુંડપુરના મધ્યમાં થઇને જ્યાં જ્ઞાતવનખંડ નામે ઉદ્યાન હતું ત્યાં આવ્યા. આવીને ભૂમિથી એક હાથ ઉંચી શિબિકા સ્થાપી. પછી ધીમે ધીમે તેમાંથી ઉતર્યા. ઉતરીને ધીમે ધીમે પૂર્વાભિમુખે સિંહાસન ઉપર બેસી આભરણ અલંકાર ઉતારવા લાગ્યા. શક્રેંદ્રે ગોદોહાસને રહી સફેદ વસ્ત્રમાં આભરણ–અલંકાર ગ્રહણ કર્યાં. **तओणं समणे भगवं महावीरे दाहिणे दाहिणं** ત્યાર-પછી શ્રમણ ભગવન મહાવીરે જમણા હાથથી જમણી તરફનો–અને **वामेण वामं** ડાબા હાથથી ડાબી તરફનો **पंचमुट्ठियं लोयं करेइ**–પંચમુષ્ટિ લોચ કર્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શક્રદેવેન્દ્રે તે વાળ રત્નના થાળમાં ગ્રહણ કરી, ક્ષીરસમુદ્રમાં પહોંચાડ્યા. પ્રભુના ખભા ઉપર એક વસ્ત્ર મુકયું. આ પ્રમાણે ભગવાને લોચ કર્યા પછી **णमो सिद्धाणं**–શ્રી સિદ્ધને નમસ્કાર કર્યા. પછી **करेमि सामाइयं**–હું સામાયિક–સમાધિયોગમાં રહીશ, મારા શુદ્ધ સ્વરૂપમાં રહીશ, **सव्वं मे अकरणिज्जं पावकम्मं**–મારે કોઈ પણ પ્રકારનું પાપકર્મ કરવું નહીં; એ રીતે ભગવાને સામાયિક ચારિત્ર લેવાની પ્રતિજ્ઞા કરી. તુર્તજ ભગવાનને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું, અર્થાત્ સર્વ કોઈના મનોભાવ તેમને દેખાવા લાગ્યા.

પ્રવ્રજ્યા લીધા પછી ભગવાન પોતાના મિત્ર, જ્ઞાતિજનો તથા સગાસંબંધીઓની આજ્ઞા લઇ પોતે ત્યાંથી અન્યત્ર જવા ચાલ્યા. અને એવો અભિગ્રહ લીધો કે:—

" મુજ આત્મવિકાસ કરીશ સદા, હર એક પળે ધરી તત્પરતા;
મુજ સાધ્ય વિષે યદિ કાંઇ નડે, મન વાચ શરીર તણીજ જરી,
પ્રકૃતિ ઝટ દૂર કરીશ વળી, બસ જીવ સટોસટ યત્ન કરી. "

પ્રભુના સાધનકાળના કેટલાક નિશ્ચયો પણ જાણવા જેવા છે:—

(૧) પરસહાયની અપેક્ષા ન રાખતાં પોતાના જ વીર્યથી જ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષ મેળવવું; કારણકે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવામાં આત્મબળજ ઉપયોગી છે.

(૨) જે કંઈ ઉપસર્ગો એટલે કે દેવ–દાનવ કે માનવકૃત વિઘ્નો કે કલેશો આવી પડે તેમજ પરિસહો–નૈસર્ગિક આપત્તિઓ આવી પડે તેમાંથી નાસી છુટવાનો બીલકુલ પ્રયત્ન ન કરવો. કારણ કે ઉપસર્ગો અને પરિસહો સહન કરવાથીજ પાપકર્મનો ક્ષય થાય છે, ચિત્તની શુદ્ધિ થાય છે. દુઃખ માત્ર પાપકર્મનું ફળ છે. ફળ ભોગવવાની કાયરતાવાળા પ્રાણીઓ તેમાંથી બચવા પ્રયત્ન તો કરે છે, પણ તેનું પરિણામ એ આવે છે કે આજનું દુઃખ માત્ર આવતી કાલ ઉપર ઠેલાય છે. જેઓ શાંતિ અને હિમ્મતથી પોતાના પાપકર્મના પરિપાકરૂપ દુઃખને વેદે છે તેઓ જ પોતાનું આત્મબળ ખીલવવાવાળાં ભાગ્યશાળી થાય છે.*

* શ્રી મહાવીર પ્રભુનું ચરિત્ર, મનુષ્યોને માટે એક આદર્શ ચરિત્ર છે. જૈનોમાં જેઓ મુનિવર્ગના નામથી પ્રસિદ્ધ છે, તેઓ મ્હોટે ભાગે તેમના આદર્શ ચરિત્રને જ અનુસરે છે અને દીક્ષા લેતી વખતેજ એવી પ્રતિજ્ઞા કરે છે કે **करेमि भंते सामाइयं**–હે ભગવાન્ ! હું આત્મ સ્વરૂપમાં–પરમાત્મસ્વરૂપમાં સ્થિર રહીશ, **सव्वं सावज्जं जोगं पच्चक्खामि**–પ્રત્યેક પાપવ્યા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આધ્યાત્મિક સાહિત્યના અભ્યાસીઓ બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માની વાત તો સારી પેઠે જાણતા હશે. જૈનસિદ્ધાંતે ઠામ ઠામ નોબત વગાડીને જાહેર કર્યું છે કે પ્રત્યેક જીવ પોતાના નશીબનો–સદ્ભાગ્યનો કે દુર્ભાગ્યનો વિધાયક છે. પોતાની કૃતિથી જ તે પોતાને માટે નરક રચે છે અથવા નરકમાં ઉતરી પડે છે અને પોતાની કૃતિથીજ ઉંચામાં ઉંચા સ્વર્ગ ઉપર આરોહણ કરી શકે છે; એટલુંજ નહીં પણ આત્મબળે કર્મજાળને છેદી નાંખી સકળ સંસારસમુદ્રની પેલી પાર એવા મોક્ષને–મહા આનંદમય સ્થિતિને–પામી શકે છે. વસ્તુત: જૈનદ્રષ્ટિએ મનુષ્ય કે ઇતર પ્રાણીઓનો નિયંતા પોતાની જ અંદર રહેલ ઇશ્વર–આત્મા છે; અર્થાત્ પોતાના સિવાય બીજું કોઇ નથી. આ રીતે જૈનદર્શન પુરૂષાકાર કે આત્મબળવાદી છે. યજ્ઞમાં પશુના બલિદાનથી કે કોઇ એક તારણહારના ભોગથી જૈનો પોતાની મુક્તિ થશે એમ માનતા નથી. પોતાને જન્મ જન્માંતરની સાંકળે બાંધનાર અથવા છોડનાર જો કોઇ હોય તો તે પોતાનો જ આત્મા છે. જૈન સાહિત્ય, ખરૂં જોતાં, પંચ કારણનો સ્વીકાર કરવા છતાં મુખ્યત: આત્મબળ અથવા આત્મપ્રભાવ બતાવનારૂં સાહિત્ય છે. જૈન સાહિત્યનો આત્મા જ **સ્વાવલંબન** છે એમ કહું તો અતિશયોક્તિ નહીં ગણાય.

જેમના સાહિત્યમાં, આચારમાં ને વિચારમાં આવો પુરૂષાકાર, સ્વાવલંબન ભર્યો હોય એવો જૈનસમાજ કેવળ–એકાંતે કર્મવાદી ગણાઇ જાય અથવા તો તેમનાપર એવો આક્ષેપ લાવવામાં આવે એ શું સમયની જ બાલહારી નથી ? કર્મગ્રંથોનો અભ્યાસી સ્હેલાઇથી જોઇ શકે એમ છે કે જો કર્મનો અર્થ નસીબ કે એવો જ કંઇ થતો હોય તો જીવ તેને જીતી શકે નહીં અને જો જીતી ન શકે તો તે જિન કે જૈન શી રીતે થઇ શકે ? હું જેટલું જોઇને વિચારી શક્યો છું તે પરથી મને તો એમજ લાગ્યું છે કે પોતાના ભાગ્યનો

પારનો હું ત્યાગ કરૂં છું, **तिविहं तिविहेणं** મન, વચન અને કાયાના યોગથી કોઇ પણ પાપ કાર્ય ન **करेमि न कारवेमि करंतमपि अन्नं न समणुजाणामि** કરૂં નહીં, કરાવું નહીં, કરનારને અનુમોદન આપું નહીં. આ નિયમ યાવત્જીવન પાળીશ– **जावज्जीवाए पज्जुवासामि** અને આમ કરતાં ભૂલું તો તુર્તજ **पडिक्कमामि** માગ શુદ્ધ સ્વરૂપમાં પાછો ફરૂં, અને **तस्स निंदामि**–એ વૃત્તિને નિંદુ, ગુરૂસાક્ષીએ **गरिहामि**-ગર્હું, **अप्पाणं वोसिरामि** અને દેહાત્મભાવનો સર્વથા ત્યાગ કરૂં છું. આમ મુનિઓ જીવન પર્યંત અને શ્રાવકો પોતાના નિત્યકર્મમાં ઓછામાં ઓછું બે ઘડી કે એક મુહૂર્ત પર્યંત સામાયિક, યોગ કે સમાધિધ્યાન કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિધાયક કે સૃષ્ટા પોતાને જ માનવામાં જૈન સિદ્ધાંત બીજા બધા કરતા અગ્રણી છે. જૈનાગમનું રહસ્ય 'દૂરપારં'–બહુ દૂરવર્ત્તી છે એમ કહેવામાં શ્રી હરિભદ્રસૂરિજી જૈનસિદ્ધાંતના અભ્યાસીઓના હૃદયનો જ પડઘો પાડી રહ્યા હોય એમ મને લાગે છે.

વિશ્વવિદ્યા— પ્રત્યેક જીવમાં કેટલીક શક્તિઓ સ્વાભાવિકપણેજ રહેલી હોય છે. જૈનસિદ્ધાંત તેને 'પર્યાપ્તિઓ' (Capacities) ના નામથી ઓળખાવે છે. ચૈતન્ય પોતાની આંતર કે ઉચ્ચતર શક્તિઓને છુપાવી–છદ્મ રાખી–એ પર્યાપ્તિ કે બાહ્યશક્તિવડે આ વિશ્વપ્રકૃતિમાંથી પુદ્ગલના સ્કંધોને આકર્ષી, તેનો રસ કરી, (આહાર પર્યાપ્તિથી) પોતાની શરીર રચના કરી, (શરીર પર્યાપ્તિ) ઇન્દ્રિયો (ઇંદ્રિય પર્યાપ્તિ) ઘડી, એક કુશળ શિલ્પકાર અથવા વિશ્વકર્માની પેઠે, પ્રાણ સર્જી, (શ્વાસોશ્વાસ પર્યાપ્તિ) ભાષા (ભાષાપર્યાપ્તિ) અને મનની (મનઃપર્યાપ્તિ) પણ રચના કરી શકે છે. દાખલા તરીકે વૃક્ષમાં રહેલું ચૈતન્ય પોતેજ પોતાની શક્તિઓવડે, પોતાની આસપાસ રહેલા પ્રકૃતિ સમુદ્રમાંથી પુદ્ગલ પરમાણુના સ્કંધોને આકર્ષી–ગ્રહી એવું રૂપ આપે છે કે જેથી આપણે તેને વૃક્ષરૂપે ઓળખી શકીએ છીએ. એ રીતે વૃક્ષમાં રહેલું ચૈતન્ય જ વૃક્ષનો સૃષ્ટા, વિધાતા અથવા નિયામક છે, અને એજ ચૈતન્ય પોતાની વિકસિત શક્તિના પ્રમાણમાં બીજી ઉન્નત શરીરરચનાઓ પણ કરી શકે છે. તેવી જ રીતે જળ, અગ્નિ, વાયુ, પર્વત, પૃથ્વી, વનસ્પતિ, જંતુ, પશુ, પક્ષી, જળચર, સ્થળચર, મનુષ્ય, નારક, ચંદ્ર, સૂર્ય અને દેવ વિગેરે દેહોનો સૃષ્ટા–વિધાતા પણ જીવ પોતે જ છે. ચિત્રકાર પોતાની કલ્પના અને મનોભાવને વ્યક્ત કરવા નાના પ્રકારના ચિત્રો આલેખે છે, તેમ જીવરૂપી ચિત્રકાર પણ પ્રકૃતિપટ પર પોતાની નામકર્મરૂપી શક્તિવડે નાના પ્રકારના ચિત્રો રચે છે. આથી સ્પષ્ટ થશે કે ચૈતન્ય પોતાની શક્તિપર જ નિર્ભર રહેવાવાળું છે.

અંતઃશક્તિ પ્રભાવ—જેમ બાહ્ય શક્તિથી–પર્યાપ્તિથી ચૈતન્ય પોતાની બાહ્ય શરીરરચના કરી લે છે તેમ અંતઃશક્તિ કિંવા અંતરાત્માથી પોતાના આંતર ગુણોનો પણ વિકાસ કરે છે. તે એટલે સુધી કે પોતાનું પૂર્ણ સચ્ચિદાનંદ સ્વરૂપ પોતે જ પ્રકટાવે છે. એ ભાવના ઉદ્ગારોથી જૈનસાહિત્ય પરિપૂર્ણ છે. આપનામાંથી કદાચ કેટલાકોએ શ્રીપાળ–મયણાસુંદરીના ચરિત્રનું વાંચન કર્યું હશે; અથવા તો તે ચરિત્ર પરથી સ્વ. ડાહ્યાભાઇ ધોળશાજીએ રચેલું વીણાવેલી નાટકનું વસ્તુ જોયું કે સાંભળ્યું હશે. અમારા જૈનસમાજમાં તો વર્ષમાં બે વાર શ્રીપાળરાજાના રાસનો પાઠ થાય છે. એ આખા ચરિત્રમાં સ્વ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મવાદ અથવા આત્મબળનો જ સિદ્ધાંત પ્રરૂપવામાં આવ્યો છે. આ પ્રકારનું કથા સાહિત્ય તેમજ તાત્ત્વિક સાહિત્ય તો સંપૂર્ણપણે બહાર આવે અને તેનો પૂરેપૂરો પ્રચાર થાય તો જનતાને કેટલો લાભ થાય ?

અહિંસા પ્રભાવ—આત્મબળની જેમ અહિંસાના સિદ્ધાંતને પણ જૈનોએ કેવો અપનાવ્યો છે તે વાત હવે ગુજરાતની પ્રજાને નવેસરથી કહેવાની કંઈ જરૂર ન હોય. જીવવું ને જીવવા દેવું, મરવું પણ મારવું નહીં એ અમારી મૂળ ભાવના છે.* પ્રત્યેક જીવની સાથે દર્શનોપયોગે અભેદ અને જ્ઞાનોપયોગે સમભાવ–પહેલાથી એકતા અને બીજાથી વિશ્વવિશ્વ પણ સમતા, એમ જૈનધર્મના સિદ્ધાંતો ઠામ ઠામ ઉપદેશી રહ્યાં છે. જૈનસાહિત્યરૂપી સમુદ્રમાંથી નિરંતર "**माहण**"[1] નો જ ગંભીર નાદ નીકળી રહ્યો છે. ધર્મના નામે યજ્ઞમાં થતી પશુહિંસા અને તેનો **वेदोक्त हिंसा न भवति**–વેદમાં ઉપદેશાયેલી હિંસા એ હિંસા જ ન કહેવાય એવો થતો બચાવ હવે હિંદુસમાજમાં ઘણા થોડાજ માનતા હશે. કળિકાળમાં હિંસાવાળા યજ્ઞો બંધ કરવા જોઇએ–**कलौ यज्ञो निषेधयेत्**, એવા જે વચનો જૈનેતર ગ્રંથોમાંથી મળી આવે છે તે જૈન સાહિત્યમાં પ્રરૂપાયેલ અહિંસા અને જૈનજીવનમાં ઉતરેલી આચરણાનો જ પ્રભાવ છે. એ વાત હવે સૌ કોઈ સ્વીકારે છે. એ રીતે એક તરફ પશુહિંસા સામે અને બીજી તરફ અધઃપાત પામેલા વામતંત્ર સામે જૈનસાહિત્યને યુદ્ધ કરવાં પડ્યાં છે. અમારા પૂર્વજોએ પોતાના સુંદર ચારિત્ર્યની રાજા—મહારાજાઓ અને સામાન્ય જનતા ઉપર પણ એટલી સરસ રીતે છાપ પાડી હતી કે આજે અમે જૈનો મહાજનના ગૌરવભર્યા નામથી ઓળખાઇએ છીએ. દયા અને પ્રાણીસેવા એ અમારો વારસો લેખાય છે. અને એ વારસો સાવ નિષ્ફળ ગયો છે એમ પણ શી રીતે કહેવાય ? અમારા અહિંસાવાદના પ્રતાપે જૈનપ્રજામાંથી કોઈ ખુની તો ભાગ્યે જ જડે, માંસાહારી કે શીકારી કોઈ જૈન હોઇ જ ન શકે. કેદખાનાના સરકારી રીપોર્ટોના આધારે પણ ફોજદારી ગુન્હાનું પ્રમાણ બીજી સમાજો કરતાં જૈનસમાજમાં અત્યંત ન્હાનું હોય છે.

---

* એમ છતાં હિંસાથી રંગાયેલાં રેશમી વસ્ત્રો અને સંચામાં બનેલાં કપડાં વાપરવાનો રીવાજ જૈનસમાજમાં વધી પડ્યો એ દુર્ભાગ્યની વાત છે.

૧ **माहण** નો પાઠ–જપ કરનારા પાછળથી બ્રાહ્મણો ગણાયા એવી એક વિચાર પ્રણાલી છે. બ્રાહ્મણો અને જૈનો વચ્ચે વિચારભેદ હોવા છતાં, સદ્ભાગ્યે એવો સુસંપ સ્થપાયો છે કે હાલમાં જૈનોના મંદિરોમાં મ્હોટે ભાગે બ્રાહ્મણ પૂજારીઓજ હોય છે. "હસ્તિના તાડ્યમાનોપિ" વાળી વાર્તા હવે કોઇ યાદ પણ નથી કરતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાપત્યકળા–ચારિત્ર્ય એ જીવનનો પાયો છે. એ ચારિત્ર્ય ઉપર જૈન-સાહિત્યે કેવો પ્રભાવ વિસ્તાર્યો છે એ મેં ટુંકામાં કહ્યું. પરન્તુ તે સિવાય જૈન સાહિત્યે, સાહિત્યની બીજી ઘણી શાખા–પ્રશાખાઓમાં રસ ભર્યો છે. મને આ પ્રસંગે મારા જર્મન વિદ્વાન્ મિત્ર પ્રો૦ હર્મન જેકોબીનો એક પ્રસંગ યાદ આવે છે. પ્રો૦ જેકોબી અને હું ગુજરાત અને રાજપુતાણાના પ્રદેશમાં પ્રવાસ કરતાં કરતાં પાટણ પહોંચ્યા અને ત્યાં જૈનભંડારમાંના તાડપત્રપર તેમજ બીજા કાગળોપર સુંદર અક્ષરોએ લખેલા શ્રી જૈન સાહિત્ય દેવીનાં દર્શન કર્યાં. મેં મારી ભકિતકુસુમાંજલી પ્રેમાશ્રુવડે સમર્પી. તે વખતે અમને શ્રી હિંમત-વિજયજી નામના એક સ્થાપત્યવિદ્યામાં નિષ્ણાત યતિવર્યનો સહજ સમાગમ થયો. મ્હારા વૃદ્ધ મિત્ર–પ્રો૦ જેકોબીએ મને નમ્ર સ્વરોમાં પૂછયું કે—“ભાઇ ! આ યતિવર્ય મને પોતાનો શિષ્ય બનાવી તેમની ચરણસેવા કરવાની તક ન આપે ?” જે સ્થાપત્યકળા એક વાર જૈન પ્રજાના પ્રતાપે ઉન્નતિની ટોચે પહોંચી હતી તે કળા વિષે આજે ગણ્યાગાંઠયા જૈનો જ રસ લેતા જણાય છે.

જૈન મંદિરોની સ્વચ્છતાની પાશ્ચાત્યો પર અસર ને કળાપૂજા—ગુજરાતને શિલ્પકળા અને સ્થાપત્યકળાથી સમૃદ્ધ કરવા જૈનોએ લાખો રૂપિયા ખર્ચ્યા છે. જૈન મંદિરો અને ગૃહદેરાસરોની સ્વચ્છતા જોઇ મારા મિત્ર પૉલ રીશાર, પ્રો૦ હર્મન જેકોબી તથા ડૉ. એફ. ડબલ્યુ થોમ્સ મુગ્ધ થયાનું મેં જાણ્યું છે. માત્ર ગુજરાતમાં જ નહીં પણ હિંદના જુદા જુદા પ્રાંતોમાં પણ જૈનોએ પોતાની કળાપૂજાની ભાવના સાર્થક કરવા પ્રાસાદો, પૈષધશાળાઓ અને તીર્થક્ષેત્રોને બને તેટલાં મનોહર બનાવ્યાં છે. કઠણમાં કઠણ આરસ પત્થ-રમાં પુષ્પની મૃદુતા જોવી હોય તો આબુના જૈન મંદિરોની એકવાર મુલાકાત લઈ આવશો. એમ કહેવત છે કે એક શ્રી આદીશ્વરના મંદિરમાં વિમળશાએ (આબુ પર) ઓગણીશ કરોડ રૂપિયા ખર્ચ્યા છે; અને નેમિનાથના મંદિરમાં વસ્તુપાળ તેજપાળે કરોડો રૂપિયા ખરચ્યા છે. મહિસુર રાજ્યમાં આવેલા દિગંબર આમ્નાયમાં મનાતા શ્રવણ બેલગુલની શ્રી ગોમટેશ્વરની પ્રતિમાજી પણ ભવ્યતાનો એક ઉંચામાં ઉંચો નમુનો છે. એ પ્રતિમાજી લગભગ એક હજાર વર્ષથી એ સ્થળે છે. તેની ઉંચાઈ અઠ્ઠાવન ફીટની છે. શિરોભાગથી તે કાન સુધી છ ફીટ અને છ ઇંચ છે. જૈનસમાજની કળાપૂજાનો આપને એટલાપરથીજ ખ્યાલ આવી શકશે.

લોક પ્રકાશ—Jain Encyclopaedia–જૈન સાહિત્યના વિશાળ ક્ષેત્રમાં ભિક્ષોપજીવી–નિર્ગ્રંથ–ત્યાગી મુનિવરોએ શા શા સાહિત્યરત્નો વેર્યાં છે? તેનું વર્ણન એક કલાકમાં તો શું પણ ત્રીશ દિવસ સુધી એક એક કલાક કહેવામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવે તો પણ પૂરૂં ન થાય. હું માત્ર **લોકપ્રકાશ** તરફજ આપની દ્રષ્ટિ આકર્ષું છું, આપને લાગશે કે EncycloPaedia નો વિચાર એક કાળે પૂર્વાચાર્યોને જરૂર હોવો જોઇએ.

શ્રી હેમાચાર્ય—જૈન સાહિત્યમાં ચક્રવર્ત્તી સમા પ્રભાવશાલી કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના અસાધારણ સામર્થ્ય અને પ્રતિભા વિષે આપે અવશ્ય કંઇક સાંભળ્યું હશે. એમ કહેવામાં આવે છે કે એ એકજ આચાર્યે સાડાત્રણ ક્રોડ જેટલી શ્લોક સંખ્યા જૈન પ્રવચન માતાના ચરણકમળમાં ધરી દીધી છે. સાહિત્ય, વિજ્ઞાન, દર્શન, ઇતિહાસ, ભૂગોળ, જ્યોતિષ કે રાજનીતિનો એવો એક પણ વિષય નથી કે જેને શ્રી હેમચંદ્રાચાર્યે ન વિકસાવ્યો હોય. ડૉ. કીલહોર્નના લખવા પ્રમાણે તેમનો ' અષ્ટાધ્યાયી ' નામનો વ્યાકરણનો ગ્રંથ પાણિનીની ' અષ્ટાધ્યાયી ' સાથે સ્પર્ધા કરે છે. (જુઓ, જર્મનીનું ઓરીઅન્ટલ રીવ્યુ.) તેમના અભિધાન ચિંતામણિ અને દેશી નામમાળા વિગેરે કોષો, તેમની છંદશાસ્ત્ર અને અલંકારશાસ્ત્ર વિષેની રચનાઓ, તેમનું ત્રિષષ્ટી શલાકાપુરૂષ ચરિત્ર, તેમના ન્યાયશાસ્ત્ર, જ્યોતિષ્શાસ્ત્ર, તર્કશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, અર્હન્નીતિ જેવા કાયદા શાસ્ત્ર વિગેરે વિષયોના ગ્રંથો તરફ આપની સૌની દ્રષ્ટિ આકર્ષું છું. યોગના વિષય ઉપરનું તેમનું યોગશાસ્ત્ર, વાદના વિષય ઉપરનું વાદશાસ્ત્ર, ભક્તિભાવભર્યાં તેમનાં સંસ્કૃત સ્તોત્રો અને પાણિની મુનિની જેમ ધાતુપાઠ, ગણપાઠ, લિંગાનુશાસન, ઉણાદિપાઠ વિગેરે ગ્રંથો પણ વિદ્વર્જ્જનોને આશ્ચર્ય પમાડે એવાં છે. **દ્વાશ્રય** નામનું તેમનું એક કાવ્ય ગુજરાતની ઐતિહાસિક સામગ્રી ગણાય છે. એ કાવ્ય ભટ્ટીકાવ્યની સ્પર્ધા કરે છે. તેનો એક અર્થ ગુજરાતના મહારાજા સિદ્ધરાજને લાગુ પડે છે અને બીજો અર્થ પોતે રચેલી વ્યાકરણ વિષયક અષ્ટાધ્યાયીને લાગુ પડે છે.

ભાષા—જૈન લેખકોએ કેવળ સંસ્કૃત કે પ્રાકૃત સાહિત્યજ નથી ખેડ્યું, પણ માગધી, અર્ધ માગધી, અપભ્રંશ, જુની મહારાષ્ટ્રીય ભાષા, હિંદી, જુની ગુજરાતી અને પર્શીયન ભાષામાં પણ પોતાનું સાહિત્ય લખ્યું છે. તામીલ અને કાનડી ભાષામાં દિગંબર જૈન સાહિત્ય પ્રચૂર પ્રમાણમાં મળી આવે છે એમ બ્રીટીશ મ્યુઝીયમના ઓરીયંટલ ડીપાર્ટમેંટના લાઇબ્રેરીયન ડૉ૦ બાર્નેટે મને કહ્યું હતું. આ ભાષામાં ગ્રંથોનો પરિચય અંગ્રેજી જૈન ગેઝેટ દ્વારા તેના વાચકોને થયો હશે.

ઇતિહાસ—ડૉ૦ ભંડારકર, પ્રો. પીટરસન, મેકેન્જી, વેબર, કોલબ્રુક,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કીલ્હોર્ન તથા ડૉ૦ ગેરીનો વિગેરે વિદ્વાનોએ જૈનસાહિત્યના સંશોધનને લગતા જે રીપોર્ટો બ્હાર પાડ્યા છે તે જૈનનું ઐતિહાસિક સાહિત્ય કેટલું અગાધ છે તેનો અચ્છો ખ્યાલ આપે છે. જેમને બહુ અવકાશ ન હોય તેઓ આ રીપોર્ટો જોઈ જવાની તકલીફ લેશે તો પણ તેમાંથી તેમને ઘણું નવું જાણવાનું મળી આવશે. તેમાં મૂળ ગ્રંથ, ગ્રંથોનો વિષય, ગ્રંથનું પ્રમાણ, ગ્રંથની શૈલી અને ભાષા તથા છેવટે ગ્રંથની પ્રશસ્તિઓ પણ આપવામાં આવી છે. તે પરથી ગ્રંથ રચાયાના કાળની તથા ગ્રંથકર્તાની તેમજ તેમના પૂર્વ પુરૂષની પણ સંક્ષિપ્ત માહિતી મળી રહે છે. જૈનગુરૂઓની પટ્ટાવલી કે જે લગભગ છેલ્લા અઢી હજાર વર્ષની મળે છે તે પણ ઇતિહાસપ્રેમીઓને માટે એક અગત્યનું સાધન છે.

પુસ્તક ભંડાર—પાટણમાં છ પ્રાચીન ગ્રંથ ભંડારો છે, અમદાવાદમાં બે, જેસલમીર, ખંભાત, લીંબડી, કચ્છનું કાશીરૂપ કોડાય વિગેરે સ્થળે એક એક અને મુંબઈમાં દશા ઓશવાળનો તથા દિગંબર બંધુઓનો મળી બે, તેમજ (પુના) ડકનકોલેજમાં, રાધનપુરમાં અને જામનગરમાં જુનાં જૈન ગ્રંથોના ભંડારો છે.

લિપિ કૌશલ્ય—જુના જૈન સાહિત્યનું લિપિકૌશલ્ય પણ જરા મોહ પમાડે તેવું છે. લહિયાઓએ એ સાહિત્ય તાડપત્રો પર, દેશી કાગળો પર, તેમજ શીલાલેખો ઉપર ઉતારવાના યત્નો કર્યા છે. કોઈ કોઈ પ્રાચીન પ્રતમાં છાપખાનાના અક્ષરોને પણ મ્હાત કરે એવા સુંદર અને સોનેરી–રૂપેરી શાહીથી લખાયેલા લેખો મળી આવે છે. પ્રસંગને છાજતા પ્રાસંગિક ચિત્રો પણ તે કાળની ચિત્રકળાનું દર્શન કરાવે છે.

પુસ્તક પ્રસિદ્ધિ—છેલ્લા એક બે દશકામાં જૈન આચાર્યોએ તથા તેમના શિષ્ય પરિવારે જૈન સાહિત્યનો ઉદ્ધાર કરવા જે કમ્મર કસી છે તેનો હું અત્રે આનંદપૂર્ણ ચિત્તે ઉલ્લેખ કર્યા વિના રહી શકતો નથી. તે સિવાય જૈન ધર્મ પ્રસારક સભા, આત્માનંદ સભા, વિદ્યા પ્રસારક વર્ગ, અમદાવાદની વિદ્યાશાળા, શ્રી દેવચંદ લાલભાઈનું પ્રકાશન મંદિર, પરમશ્રુત પ્રભાવક મંડળ, આરાનું સેંટ્રલ પબ્લીશીંગ હાઉસ, પં. હિરાલાલ હંસરાજનું જૈન ભાસ્કર ગ્રંથ પ્રસિદ્ધિ ખાતું, આગ્રાની આત્માનંદ સભા, આગમોદય સમિતિ અને શા. ભીમસિંહ માણેક વિગેરેએ એ દિશામાં ઘણા આવકારદાયક પ્રયાસો કર્યા છે. એ સંસ્થાઓના પ્રતાપે જૈન ગ્રંથો ગુહાઓને છોડી પુસ્તકાલયોમાં અને જ્ઞાન-મંદિરોમાં અધિષ્ઠત થઈ પોતાનું મંગળ દર્શન આપી રહ્યાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવું કોષ વ્યાકરણ સાહિત્ય—નવું સાહિત્ય હાલમાંજ પં. બેચરદાસજીએ પ્રાકૃત વ્યાકરણ સાંપ્રતકાળની પદ્ધતિએ લખી બ્હાર પાડ્યું છે, તેમજ પં. હરગોવિંદદાસે એક પ્રાકૃત કોષ બહાર પાડી પ્રાકૃત ભાષાના અભ્યાસીઓ ઉપર મોટો ઉપકાર કર્યો છે. પં. શ્રી રત્નચંદ્રજીએ આગમાભ્યાસી મુનિવરોની સગવડ માટે એક માગધીભાષાનો શબ્દ સંગ્રહ પ્રકટ કર્યો છે. આ નવાં સાધનોથી, મને આશા છે કે જૈનસાહિત્યના સંસ્કૃત અને પ્રાકૃત પ્રદેશોનો પ્રવાસ કેટલેક અંશે સુગમ થઇ પડશે.

લોકોપકારક સાહિત્ય—જૈનાચાર્યો સિવાય જે બ્રાહ્મણ પંડિતોએ પ્રાચીન કાળમાં ગ્રંથો લખ્યા છે તેઓમાંનો મ્હોટો ભાગ ઘણું કરીને કોઈ રાજા-મહારાજાને રીઝવવા અર્થેજ લખાયો હોય એવો ભાસ થાય છે. કારણ કે જુના કાળમાં વિદ્વાનોને સારો રાજાશ્રય મળતો એ નિર્વિવાદ છે અને તેથી તેઓ રાજદરબારમાં કીર્ત્તિ કે પ્રતિષ્ઠા મેળવવા પોતાની શક્તિ વાપરે એ સ્વાભાવિક છે. જૈનાચાર્યોએ રાજ્યનો અને પ્રજાનો આશ્રય મેળવ્યો છે. તેઓએ કેવળ રાજકર્તાઓને રીઝવવા માટે જ ગ્રંથો નથી લખ્યા. રાજસભામાં પૂજાવા છતાં તેમણે સાધારણ જનસમાજ તરફ જરાય દુર્લક્ષ નથી કર્યું. વિક્રમના દરબારમાં કવિવર્ય ધનપાળ એક કવિરત્ન તરીકે પંકાયા છે, કુમારપાળ અને સિદ્ધરાજના દરબારમાં શ્રી હેમચંદ્રાચાર્યનું સ્થાન અતિ ઉચ્ચ છે, અને અકબરની રાજસભામાં શ્રી હીરવિજયસૂરિજીનો પ્રભાવ ઇતિહાસપ્રસિદ્ધ છે. છતાં તે તે આચાર્યોનું સાહિત્ય લોકસેવાની ભાવનાથી અળગું નથી થયું એ એક અભિમાનનો વિષય છે. તત્ત્વજ્ઞાન, કાવ્ય, વૈરાગ્ય કે નાટ્ય વિગેરે વિષયો ઉપરાંત જૈનાચાર્યોએ ધનુર્વિદ્યા, ગજવિદ્યા, અશ્વવિદ્યા, રસાયણવિદ્યા અને વૈદ્યકવિદ્યા વિષે પણ ઘણા ગ્રંથો લખ્યા છે. તે સિવાય મંત્રવિદ્યા, જ્યોતિષવિદ્યા, સુવર્ણ-પરીક્ષા અને રત્નપરીક્ષા જેવા વિષયો વિષે પણ ઘણું સાહિત્ય મળી આવે છે. એક ફ્રાન્સના વિદ્વાને રત્નપરીક્ષા નામનો જૈન ગ્રંથ ફ્રેંચ ભાષામાં અનુવાદ કરાવી બહાર પાડ્યો છે. જૈનધર્મ પાળતા ઝવેરીઓને પણ પોતાના સાહિત્યની જે માહિતી ન હોય તે યુરોપીયન વિદ્વાનો હજારો કોસ દૂર રહેવા છતાં મેળવી રહ્યા છે.

જૈન સાહિત્યની સમન્વય દ્રષ્ટિ—જૈન સાહિત્યની વિશેષતાઓમાં તેની સમન્વયપદ્ધતિ પણ એક છે. એ પદ્ધતિએ ઘણા વિદ્વજ્જનોને આકર્ષ્યા છે. કેટલાકો તો એ સમન્વયપદ્ધતિને આશ્રયીને એટલે સુધી માનવાને તૈયાર થયા છે કે જૈન એ કોઈ ધર્મ (Religion) નથી, પણ જગતને નવું દ્રષ્ટિબિંદુ આપનાર એક દર્શનવિશેષ જ છે. (Philosiphy) હું તેમ માનતો નથી. કારણ કે જો જૈન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવળ દર્શન જ હોત તો આજે વૈશેષિક, સાંખ્ય કે મિમાંસક દર્શનની જેમ તે માત્ર એક પાઠ્ય દર્શનજ બની ગયું હોત. જૈન એ ધર્મ છે, અને તે જ વખતે દર્શન પણ છે. હવે જૈન દર્શન અમને જુદા જુદા માર્ગો વિષે કેવું સમાધાનભર્યું સમન્વય કરી આપે છે. તે ટુંકામાં કહીશ.

શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કેઃ—

अ " ષડ્ દર્શન જિન અંગ ભણીજે,
ब સર્વાંગી સર્વ નય ગ્રહી રે;
क સાગરમાં સઘળી તટિની છે,
તટિનીમાં સાગર ભજના રે. "

अ—જિનશાસનરૂપી પુરૂષનું મસ્તક જૈનદર્શન છે, તેમનો જમણો હાથ વેદાંતદર્શન છે, ડાબો હાથ બૌદ્ધ દર્શન છે, જમણો પગ યોગદર્શન છે, ડાબો પગ સાંખ્ય દર્શન છે, અને કુખ (પેટ) લોકાયત (ચાર્વાક) મત છે કે જે કેવળ પ્રત્યક્ષપ્રમાણને જ માને છે. વળી શ્રી નેમિનાથ પ્રભુના સ્તવનમાં તેઓ કહે છે કેઃ—

" ષડ્ દર્શન નિજ અંગ ભણીજે,
ન્યાય ષડંગ જો સાધે રે;
નમિ જિનવરના ચરણ ઉપાસક,
ષડ્દર્શન આરાધે રે— "

છએ દર્શન જિનના અંગ કહેવાય છે. તે શી રીતે ? જિનેશ્વર ભગવાનની આકૃતિમાં છ અંગોને વિષે એ છએ દર્શનની સ્થાપના કરવી. શ્રી નેમિનાથ જિનેશ્વરના ચરણ ઉપાસકો—અર્થાત્ ખરા જૈનો–એ છએ દર્શનની આરાધના કરે છે.

પણ એ સ્થાપના (ન્યાસ) શી રીતે કરવી ? તે વિષે તેઓ કહે છે કેઃ—

" જિન સુરપાદપ પાય વખાણુ,
સાંખ્ય જોગ દોય ભેદે રે;
આતમસત્તા વિવરણ કરતાં,
લહો દુગ અંગ અખેદે રે. "

એટલે કે જિનેશ્વર ભગવાનરૂપ કલ્પતરૂ તેના પાય (મૂળિયાં) રૂપે એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પગ વખાણ્યા. હવે જિનેશ્વરનાં તે બે અંગો કયા ? સાંખ્ય અને યોગ. આ બન્ને અંગો આત્માની સત્તા માને છે. એ અપેક્ષા શ્રી જિનની પણ હોવાથી તે અપેક્ષાએ સાંખ્ય અને યોગને બે પગરૂપ કહ્યા છે. એ પ્રમાણે ગ્રંથકાર પોતાની આગ્રહરહિતતા પ્રકટ તો કરે છેજ પણ સાથે વાચકવર્ગને પણ ભલામણ કરે છે કે એ વાત તમે ખેદરહિતપણે ગ્રહો.

ભેદવાદી અને અભેદવાદી અથવા સુગત (બુદ્ધ) પ્રણિત બૌદ્ધદર્શન અને જૈમિનિપ્રણિત પૂર્વ મિમાંસા તથા વ્યાસ પ્રણિત ઉત્તર મિમાંસા (વેદાંત) મળી મિમાંસા દર્શનને બે હાથ કહેતાં કહ્યું છે કેઃ—

" ભેદ અભેદ સુગત મિમાંસક,
જિનવર દોય કર ભારી રે;
લોકાલોક અવલંબન ભજિએ,
ગુરૂગમથી અવધારી રે. "

શ્રી જિનદર્શનમાં સ્વભાવમાં જુદા જુદા જ્ઞેયના જ્ઞાનરૂપ અને વિભાવમાં–કર્મને આશ્રિત પુદ્દગલથી પ્રાપ્ત થયેલ દેહોમાં પર્યાયેને ક્ષણે ક્ષણે બદલાતા માન્યા છે; અને બૌદ્ધ દર્શને પર્યાયેનો ફેરફાર મૂળના ફેરફાર રૂપ માન્યો છે. મિમાંસકો આત્મા એક જ છે, નિત્ય છે, અબદ્ધ છે, ત્રિગુણબાધક નથી એમ માને છે. જિનદર્શનના નિશ્ચય નયની અપેક્ષાએ એ વાત યોગ્ય જ છે.

જુદા જુદા દર્શનો પ્રત્યે આવી રીતે ઉદાર દ્રષ્ટિ રાખવામાં શ્રી આનંદઘનજી મહારાજે પોતાની મતાંતરક્ષમતા તેમજ જિનદર્શનની મહત્તા પ્રકટ કરી છે. ચાર્વાક અથવા જેને નાસ્તિક કહીએ તેમના પ્રત્યે પણ ખંડનમય દ્રષ્ટિથી જોવાને બદલે બહુજ ઉદાર ભાવથી નજર નાંખી છે; પણ વિસ્તારના ભયથી એ વાત અહીં ન લખતાં જતી કરૂં છું.

જિનદર્શન પૂર્વાપર અવિરૂદ્ધ શી રીતે ?—જિનદર્શનમાં અનેક નિશ્ચયો, અપેક્ષાઓ, અને દ્રષ્ટિઓનો સમાવેશ થઈ જાય છે, કારણ કે બ્રહ્માંડના જડ–ચૈતન્ય વિગેરે દ્રવ્યો પોતેજ અનેક ધર્મવાળા છે. તેને જો એક ચોક્કસ દ્રષ્ટિથી જોઇએ તો સત્ય ન પામીએ. એટલા માટે અનેક દ્રષ્ટિથી જ જોવાની રીત રાખવી ઘટે. કોઈ પદાર્થ વિષે બોલતી વેળા મુખ્ય ધર્મને બોલવાની પદ્ધતિ છે, પણ તેજ વેળા તેના અનેક ગૌણધર્મોનો અધ્યાહાર હોય છે, એ વાત લક્ષમાં હોવી જોઇએ. એજ કારણથી જૈનવાદને સ્યાદ્દવાદ કે અનેકાંતવાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહેવામાં આવે છે. જેમ એક પદાર્થ ઉત્પત્તિ અને લયની અપેક્ષાએ અનિત્ય કે નાશવંત છે, ક્ષણિક કે પર્યાયવંત છે તેમ તેજ પદાર્થ મૂળરૂપ સત્ છે. સોનાની મુદ્રિકામાં મુદ્રાપણાની કે આકારપણાની ઉત્પત્તિ અને વિનાશ પણ છે, પરંતુ સુવર્ણરૂપે તો તે સત્ અને નિત્ય જ છે. એ દ્રષ્ટિએ બ્રહ્માંડના છએ દ્રવ્યોને નિત્યાનિત્ય કહેવામાં આવ્યા છે.

કોઈ જીજ્ઞાસુના કલ્યાણ માટે, ઉપદેશ કરતાં પહેલાં તેની ભૂમિકા વિચારવી પડે છે અને એ ભૂમિકા અનુસારે નય કે અપેક્ષાની પદ્ધતિનો સ્વીકાર કર્યે જ છુટકો થાય છે. શ્રી હરિભદ્રસૂરિ મહારાજ યોગબિંદુમાં ૧૩૨ મા શ્લોકમાં કહે છે કેઃ—

चित्रा तु देशनैतेषां, स्याद् विनेयानुगुण्यतः ।
यस्माद् एते महात्मानो, भवव्याधिभिषग्वराः ॥

અર્થાત્—"તમે જે મહાત્મા કપિલ, મહાત્મા બુદ્ધ, મહાત્મા મહાવીર, મહાત્મા કણાદ, મહાત્મા ગૌતમ વિગેરેના નામની ખાતર અને તેમના વચનના સમર્થન માટે લડવા ભેગા થયા છો તે તમારો વ્યામોહ છે. તેમણે આત્મા નિત્ય છે અથવા આત્મા અનિત્ય છે, પરમેશ્વર કર્ત્તાહર્તા છે એ પ્રકારે જુદી જુદી દેશનાઓ આપેલી છે તે બધી તે તે વિનેયો-શિષ્યોની અનુકૂળતા અને યોગ્યતા તરફ લક્ષ્ય રાખીને જ આપેલી છે. કારણ કે (ટીકાકાર લખે છે કે) જે પુરૂષો મહાત્માઓ અને સર્વજ્ઞ હતા તેઓ આ સંસારરૂપ વ્યાધિ નાબુદ કરવા માટે ઉત્તમ વૈદ્ય સમાન હતા."

વળી લખે છે કે—"શ્રોતાને-શિષ્યને જે પ્રકારે સમજાવવાથી આત્મજ્ઞાનના બીજનું આધાન થવાનો સંભવ હોય અને તે સંભવ પણ પ્રતિદિન વર્ધમાન હોય તો શિષ્યને તેઓએ તે તે પ્રકારે-જુદી જુદી દ્રષ્ટિએ સમજાવ્યું હોય એ બનવા જોગ છે.

"અથવા કદાચ તેઓએ તો એકસરખી દેશના કરેલી હોય તોપણ જુદી જુદી ભૂમિકાપર રહેલા સાંભળનારા અને જુદી જુદી ભૂમિકાપર રહેલા સમજનારા એ બધાની બુદ્ધિમાં તરતમતાનો ભેદ હોવાથી સંભવિત છે કે એક દેશના પણ અનેક રૂપમાં સમજાઇ હોય.

જુદી જુદી વાનીઓ જેમ જુદા જુદા જમનારના ચિત્તને સંતોષ આપે છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમ જુદી જુદી દેશનાઓ દરેક સાંભળનારને તેની યોગ્યતા પ્રમાણે કંઈ ને કંઇ લાભ તો કરે છે જ; માટે એ દેશનાઓને અવંધ્ય કહેવામાં કશો બાધ નથી. અને દેશ કાળ તથા નયોને લક્ષ્યમાં રાખી તત્ત્વદ્રષ્ટિએ જોતાં એ દેશનાના મૂળમાં દેશના જ પ્રતીત થશે. ”

શ્રી હરિભદ્રસૂરિજીની મતાંતરક્ષમતા-શ્રી હરિભદ્રસૂરિજી યોગદ્રષ્ટિ સમુચ્ચયમાં કહે છે કે-“ આપણે સૌએ વાદવિવાદ, ખંડનમંડન કે તર્કજાળ છોડીને મહાપુરૂષના માર્ગનો આશ્રય કરવો જોઈએ. ” ટુંકામાં જે રીતે સાંભળનારાઓનો મિથ્યા મોહ દૂર થાય, દેહાધ્યાસ છુટે, આત્મજ્ઞાનનું બીજ રોપાય અને સંસારના પ્રપંચ તરફ દુર્લક્ષ રહે તે રીતે ઉપદેશ આપવો એ જ એક સૌનું લક્ષ્ય હોવું જોઈએ. ”

કોઇ મુમુક્ષુ ગુરૂજન પાસે આવીને કહે કે:—“ હું તો મરી જઈશ, અરે રે ! મારૂં કલ્યાણ શી રીતે થશે ? મારી ઉમર પણ બહુ થઈ ગઇ ! ” આવા કાળભીરૂ અને કાયરને તેના ગુરૂ જવાબ આપે કે-“ભાઇ ! તું મુંઝા મા. (શરીરરૂપી વ્યંજનમાં શાશ્વત સ્વરની પેઠે રહેલો) તું પોતે તો કદિ મરતો જ નથી, તું નિત્ય છે, તારે વળી કાળની બીક શી ? કાળ—દેશને અને કાર્ય કારણને માપનાર તો તું જ છે. તને તેઓ શી રીતે માપી શકે ? તું તારૂં સાધન કરે જા. ” આ પ્રકારે કાળભીરૂ શિષ્યની નિરાશા અને કાયરતા દૂર કરવા તથા તેની આત્મસાધનાને નિરંતર ચાલુ રાખવા માટે શરીરાદિ પર્યાયોને ગૌણ કરી અને દ્રવ્યને પ્રધાન રાખી અદ્વૈતવાદ ઉપદેશવામાં આવે તો શું સર્વાંગી જૈનદર્શનનું જ તે એક અંગ નથી ?

વળી કોઇ બીજો મુમુક્ષુ શિષ્ય ભોગો ભોગવવામા જ શૂરોપૂરો રહેતો હોય અને મહાત્મા ટોલસ્ટોય[1] કહે છે તેમ એ ભોગોની પાછળ કેટલાય પામર પ્રાણીઓની હાયવરાળ રહેતી હોય તો એ જડાભ્યાસી-વિષયાસક્ત પુરૂષના મનને ઠેકાણે લાવવા બુદ્ધ ભગવાનનો ક્ષણિક વિજ્ઞાનવાદ કે ટોલસ્ટોયનો સમાનવાદ કામમાં લાવી શકાય અને તેને કહી શકાય કે—“ ભાઇ ! તું આંખો બંધ કરીને બેઠો છે. આ બધું જે તું જુએ છે અને ભોગવે છે તે ક્ષણસ્થાયી છે. ઘડી પછી તેમાંનું કંઈ જ નહીં હોય. તું આ સર્વને સ્થાયી માની બેઠો છે તે તારી અજ્ઞાનતા છે. ” આવી રીતે દ્રવ્ય (રૂપ સ્વર) ને ગૌણ કરી (વ્યંજન-

---

૧ First step.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂપ) શરીરપર્યાયને મુખ્યત્વે સ્થાપી સમજાવવામાં આવે તો એ અનિત્યવાદના ઉપદેશને પણ જૈનદર્શનનું એક અંગ કેમ ન લેખાય ?

સત્ય મહાન્ છે, વ્યાપક છે, મન-બુદ્ધિની પેલી પાર ગયા વિના તેની ઝાંખી થતી નથી અને જે ઝાંખીમાં આવે છે તે શબ્દવડે સંપૂર્ણપણે વ્યક્ત કરી શકાતું નથી. છતાં સઘળા દર્શનો પોતાને સર્વગ્રાહી અને બાકીનાને અંશગ્રાહી કહેવાની હિમ્મત કરે છે. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ એવા અંશ-ગ્રાહી પ્રત્યે પણ કેવી ઉદાર દૃષ્ટિથી નીહાળે છે તે તમે જોશો તો મને ખાત્રી છે કે એ ઉદાર પુરૂષ માટે તમને અભિમાન સ્ફુર્યા વિના નહીં રહે.

કોઇકને હાથી જોતાં તેની હડપચી સુંદર લાગે અને તેથી તે તેને કુંજર કહે, બે મ્હોઢેથી પાણી પીતો જોઇ દ્વિપ કહે, તેના બ્હાર આવેલા દાંતોને જોઈ કોઈ તેને દંતી કહે, કોઇ મદ ઝરતું જોઇ તેને મતંગજ કહે, કોઇને ઉંચો પહાડ જેવો લાગવાથી નાગ કહે, સૂંઢવડે ઘણા કામ કરતો જોઇ કોઇ હસ્તી કહે તો તેથી શું એ બધાને આપણે અંધ કહી શકીએ ? સૂંઢ જોનાર અથવા દાંત જોનાર આખા હસ્તીને તો જુએ છે જ, પણ તે આખા સત્યને વ્યકત કરવા એક અંશનો આશ્રય લે તેથી શું થયું ? એવી જ રીતે સત્યનો સાક્ષા-ત્કાર કરનાર દર્શનો કોઇએક અંશ વર્ણવે તો તેથી આપણે તેને અંધની કોટીમાં મુકવાનું સાહસ ન કરી શકીએ.[૨] એવા ભાવનું શ્રી હરિભદ્રસૂરિએ પોતાના શાસ્ત્રવાર્ત્તાસમુચ્ચય અને યોગબિંદુ વિગેરે ગ્રંથોમાં નિરૂપણ કર્યું છે. (જુઓ ચાર સંજીવીની ન્યાય.) શ્રી આનંદઘનજી મહારાજે પણ મેઘ સમા ગંભીર સૂરમાં ગાયું છે કે:—

"રામ કહો રહેમાન કહો, કોઇ કહાન કહો મહાદેવરી;
પારસનાથ કહો કોઈ બ્રહ્મા, સકળ બ્રહ્મ સ્વરૂપ રી."

અર્થાત્—રામ, રહેમાન, કાન, મહાદેવ, પાર્શ્વનાથ, બ્રહ્મા એ સર્વ શુદ્ધા-ત્માનાં જ નામો છે. કારણકે જે સમયે પોતે નિજરૂપમાં રહે છે ત્યારે આત્મા રામરૂપ બને છે, જયારે સર્વપર કરૂણા (રહેમ) કરે છે ત્યારે તેજ આત્મા રહેમાન બને છે અને જ્યારે કર્મનું નિકંદન કરે છે ત્યારે તે કાન કે કૃષ્ણ થઇ જાય છે. આવું સર્વ દૃષ્ટિઓ, સર્વ અંશો અને સર્વ ખંડોનું સમન્વય જૈનોનું

---

૨ વાદવિવાદ ન થાય તેટલા માટે કદાચ સર્વ અંશને જણાવનાર શબ્દ બનાવીએ તો તે કેવો લાંબો અને બેહુદો થઇ પડે તેનું એક ઉદાહરણ આપું છું. चतुष्पादद्विहस्तपृष्ठवेत्रगुंफित-किलिकखचीतासनम् (ખુરશી)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગસાહિત્ય કરી શકે છે. પણ તે માટે અપેક્ષાઓ, અને નયો વિગેરેનો અભ્યાસ જરૂરનો છે.

જૈન ઔપદેશિક સાહિત્ય—જેને જૈન પરિભાષામાં ધર્મકથાનુયોગ કહેવામાં આવે છે તેવા ઔપદેશિક સાહિત્યથી જૈન સાહિત્ય ભરપૂર છે. સાધારણ સંસારી જનોને માટે રસાત્મક કથાઓ ઘણી ઉપકારી ગણાય છે. જૈન લેખકોએ આવા કથાનકો ગદ્યમાં, પદ્યમાં, રાસારૂપે, ચરિત્રરૂપે, રૂપકરૂપે કે આખ્યાન રૂપે બહોળા પ્રમાણમાં લખ્યાં છે. હું આપને તેમાંના થોડા કથાનકોનો વાનગીરૂપે પરિચય કરાવીશ:—

ષટપુરૂષ ચરિત્ર—આ ચરિત્રમાં આખી માનવ જાતિને ૭ વિભાગમાં વ્હેંચી અંગ્રેજીમાં જેને Reprenstative અર્થાત્ પ્રતિનિધિ સ્વરૂપ મનુષ્યો કહીએ તેનું આમાં વર્ણન છે. મનુષ્યોમાં (૧) અધમાધમ (૨) અધમ (૩) મધ્યમ (૪) વિમધ્યમ (૫) ઉત્તમોત્તમ અને (૬) ઉત્તમ—કોણ કહેવાય તેનું નિરૂપણ આ ષટ્પુરૂષ ચરિત્રમાં છે. આ પ્રત્યેક વર્ગમાં એકેક ચરિત્ર તેની પ્રકૃતિ પ્રમાણે આલેખ્યું છે. આ ગ્રંથ વાંચવાથી વાચક કે શ્રોતા પોતે જ પોતાની કોટી નક્કી કરી શકે છે અને પોતાનામાં જાણતાં–અજાણતાં જે કંઇ અધમતા રહી ગઈ હોય તેને ખંખેરી આગળ વધવાના અભિલાષ બાંધે છે.

પ્રતિજ્ઞાપાલન—આ વિષય ઉપર ચાર ગૃહલક્ષ્મી–વધુની કથા છે. તેનું સંક્ષિપ્ત કથાનક આ પ્રમાણે છે:—એકવાર એક સસરાને વિચાર થયો કે ચાર પુત્રવધુઓમાંથી કઈ વહુને ઘરનું કયું કામ સોંપ્યું હોય તો સમુચ્ચયે સર્વને અનુકૂળ થાય? તેનો નિર્ણય કરવા સસરાજીએ ચારે વહુને બોલાવી 'જ્યારે માગું ત્યારે આપજો' એમ કહી, પાંચ પાંચ શાળના દાણા આપ્યા. દરેક વહુએ આ દાણાનો કેવો ઉપયોગ કરવો તેનો પોતાની બુદ્ધિ પ્રમાણે નિર્ણય કર્યો. એક વહુએ દાણાને નિરૂપયોગી ગણી વાસીદાની સાથે કાઢી નાંખ્યા, બીજી વહુ ખાઈ ગઈ, ત્રીજીએ પોતાના દાગીના સાથે એ દાણા પણ સાચવી રાખ્યા અને ચોથીએ પોતાના ભાઈને તેમોકલી આપ્યા અને કહેવરાવ્યું કે 'આ દાણા આપણા ખેતરમાં વાવજો, એટલું જ નહીં પણ જે પાક ઉતરે તે પણ ફરી ફરીને વાવ્યા કરજો.' સસરાએ પાંચ વર્ષ પછી ચારે વહુને બોલાવી પેલા દાણા માગ્યા. પહેલી વહુએ કહ્યું કે 'મેં તો નકામા જાણી વાસીદામાં કાઢી નાંખ્યા." બીજીએ કહ્યું કે:–"હું તો ખાઈ ગઈ." ત્રીજીએ કહ્યું કેઃ—"મેં મારા ઘરેણાં સાથે સંઘરી રાખ્યા છે"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ચોથીએ કહ્યું કે-" મારે પીયર ગાડાં મોકલી મંગાવી લ્યો. " આ પરથી સસરાએ પહેલી વહુને વાસીદા વાળવાનું સોંપ્યું; કારણકે તેને નાંખી દેતાં ઠીક આવડતું હતું અને તેનું નામ ઉજ્ઝિતા રાખ્યું. બીજી વહુને રસોડાનું કામ સોંપ્યું, કારણ કે જેને ખાતાં આવડે તે કદાચ સારી રીતે ખવરાવી પણ શકે, અને તેનું નામ ભક્ષિકા રાખ્યું. ત્રીજીને સારી રીતે સાચવતા આવડ્યું એટલે તેને પટારાની ચાવીઓ સોંપી, અને તેનું નામ રક્ષિતા રાખ્યું. ચોથીને ઘરનો મોભો વધારનારી સમજી ઘરની ઉપરી નીમી અને તેનું નામ વર્ધિતા (રોહિણી) પાડ્યું.

પ્રતિજ્ઞા પાળવામાં ઉત્સાહ પ્રેરવા અર્થે આ કથા ઘણી ઉપયોગી ગણાય છે. વર્ધિતા નારીએ જેવી રીતે પાંચ દાણામાં અસંખ્ય ગણી વૃદ્ધિ કરી તેવી રીતે વ્રતી જીવોએ ક્રમે ક્રમે પોતાના વ્રત-જપ-તપમાં પણ વૃદ્ધિ કરવી જોઇએ, એવો આ કથાનો ધ્વનિ છે. દીક્ષા લેનાર સ્ત્રી-પુરૂષને ખાસ કરીને આ કથાનું વસ્તુ સમજાવવામાં આવે છે અને ક્રમશઃ સંયમપાલનમાં આગળને આગળ વધવાની પ્રેરણા કરવામાં આવે છે.

ઉપમિતિ ભવ પ્રપંચા કથા—આ એક રૂપક કથા છે અને પ્રબોધ ચંદ્રોદય નાટક અથવા Pilgrim's Progress ની સાથે રૂપક, રસ અને ભાષામાં સ્પર્ધા કરે તેવું છે; તેનું ભાષાસૌંદર્ય કાદંબરીની સ્મૃતિ કરાવે છે. છતાં ખુબી એ છે કે તેમાં કલ્પનાનું કે લાંબા લાંબા સમાસોનું કાઠિન્ય નથી. જીવસ્વભાવની હલકામાં હલકી સ્થિતિ-નિગોદની સ્થિતિથી લઇને તે ઠેઠ મોક્ષની સ્થિતિએ શી રીતે પહોંચાય તેનું આમાં સુંદર વર્ણન છે. કથાની સાથે જૈનતત્ત્વ અથવા સિદ્ધાંતોની પણ ઘણી સુંદર રીતે ગુંથણી કરવામાં આવી છે. તેના ગુજરાતી તથા હિંદીમાં પણ ભાષાંતરો થયા છે, અને પ્રો. હર્મન જેકોબીએ એકવાર તેનો અંગ્રેજી અનુવાદ કરવાની તત્પરતા દર્શાવી હતી. કથાના કર્ત્તા કલિકાળ કેવળીનું બિરૂદ ધરાવનાર શ્રી સિદ્ધર્ષિગણિ છે. આને મળતી દિગંબર સાહિત્યમાં એક ચેતન કર્મકથા પણ મળી આવે છે, અને તેનો અનુવાદ પણ થયો છે.

સમરાદિત્ય કેવળીનો રાસ—આ રાસમાં બે મિત્રોના, જન્મજન્માંતરથી ચાલતા આવતા એકપક્ષી વૈરની વાર્ત્તા છે. આખરે એ વેર શી રીતે ભાંગે છે તેનો સરસ રીતે ખ્યાલ આપવામાં આવ્યો છે. રાસના વાંચનથી વાંચનારને કર્મની કઠિનતાનું અને તેમાંથી છૂટવાનું સામર્થ્ય સ્ફુરે છે. મનુષ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘણી વાર પોતે પોતાના કર્મથી ઉપજાવેલાં ફળો ભોગવવામાં કાયરતા દાખવે છે એ દુર્બળતા છે. જેણે નારકીના અને તિર્યંચપણના અનેક અસહ્ય દુ:ખો ભોગવ્યા છે તે દુ:ખ કે કલેશથી નિરાશ તો ન જ થાય, ઉલટું તે આત્મબળે ભોગવી કર્મથી છૂટવાનો જ નિશ્ચય કરે. આ રાસથી જુનાં કર્મો ભોગવી લેવાનું અને નવાં પાપ ન કરવાનું દ્રઢીભૂત થાય છે.

પંડિતજી સુખલાલજીએ કર્મગ્રંથની પ્રસ્તાવનામાં લખ્યું છે કે:—

प्राक्कर्म प्रविलाप्यतां चितिबलान् नाप्युत्तरैः श्लिष्यतां ।
प्रारब्धं त्विह भुज्यतामथपरब्रह्मात्मना स्थियताम् ॥

અર્થાત્—"પહેલાના બાંધેલા અશુભ કર્મોને જ્ઞાનબળથી ગાળી નાંખો, આત્મબળથી નવા અશુભ કર્મના બંધનમાં ન બંધાઓ, અને આત્મવીર્યથી પ્રારબ્ધ કર્મને ભોગવતાં ક્ષીણ કરી નાંખો. એ રીતે આખરે બ્રહ્મપદમાં અનંતકાળ પર્યંત સ્થિર રહો."

ઇલાયચી કુમારની કથા—આ કથા બહુ રસિક અને બોધપ્રદ છે. મોહવશ પ્રાણીઓ શુભ ધ્યાનમાં આરૂઢ થતાં કેવી રીતે આત્મજ્ઞાન અને કેવળજ્ઞાન પામે છે તેનું મનોહર નિરૂપણ આ કથામાં છે. હું ટુંકામાં તેનો સાર કહી જઉંછું.

ઇલાયચીકુમાર એક ધનવાન્ શ્રેષ્ઠીનો કુમાર છે. તરૂણાવસ્થામાં તે એક નાટક જોવા જાય છે. ત્યાં નટની એક રૂપવતી પુત્રી ઉપર મોહી પડે છે અને નાટક ખલાસ થવા છતાં વિચારમાં ને વિચારમાં તે ત્યાંને ત્યાંજ બેસી રહે છે. તેના મિત્રો તેને સમજાવી પટાવી ઘેર લઇ જાય છે. ઘેર જવા છતાં તેનું ચિત્ત કેમે શાંત થતું નથી. તે એક ભાંગલી-તૂટલી ખાટલી ઉપર પડે છે. (પૂર્વકાળમાં કોઇ કુમાર રીંસાય ત્યારે ભાંગલી-તૂટલી ખાટલીનોજ આશ્રય લેતા અને પછી મોટેરાંઓ આવી સમજાવટ કરતા.) ઘરના વડીલ અને વૃદ્ધ પુરૂષો તેને સમજાવવા આવ્યા. પણ તેણે તો એકજ વાત કર્યા કરી કે—"મને પેલી નટની પુત્રી સાથે પરણાવો." કુળવાન અને ધનવાન શેઠનું કુટુંબ એકદમ એક નીચ કુળની નટી સાથે પોતાના કુળદીપકનું લગ્ન કરવાને શીરીતે તૈયાર થાય ? શરૂઆતમાં તો તેમણે આનાકાની કરી, પણ લાડકવાયા પુત્રનું મન સંપાદન કરવા આખરે તેમણે સમ્મતિ આપી. નટે પોતાની પુત્રી પરણાવવાનું કબુલ્યું, પણ એક એવી આકરી સરત કરી કે—"જો ઇલાયચીકુમાર નાટકકળામાં કુશળ બની,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ એક રાજાને રીઝવી, તેની પાસેથી દ્રવ્ય મેળવી, એ દ્રવ્યવડે અમારી આખી નાતને ભોજન કરાવે તો હું મારી પુત્રી તેને પરણાવું." રૂપમુગ્ધ કુમારે તે સરત પણ સ્વીકારી. પછી તેણે નાટ્યકળાની તાલીમ લેવા માંડી. ક્રમે ક્રમે તે એક કુશળ નટ બન્યો. પછી એક રાજા પાસે જઈ તેણે પોતાનો ખેલ બતાવવાની રજા માગી. રાજાએ તે આપી અને પોતે પોતાની રાણી તથા બીજા અમલદારો સાથે નટના ખેલમાં હાજર થયો. ઇલાયચીકુમારે એક પછી એક એવા અદ્ભુત ખેલ કર્યા કે આખો પ્રેક્ષકવર્ગ ચકિત થઈ ગયો. ખેલ ખલાસ થવા આવ્યો, પણ રાજાજીએ ઇનામ સંબંધે એક શબ્દ સરખો પણ ન ઉચ્ચાર્યો. ઇલાયચીકુમારની આટઆટલી કુશળતા અને શ્રમ તરફ તેનું લક્ષ્ય પણ ન ખેંચાયું; કારણકે તે તો કુમારની કુશળતા જોવાને બદલે પેલી રૂપવતી નટપુત્રીની સુંદરતા નિહાળવામાંજ ચકચૂર બની ગયો હતો. મોહાંધ મનુષ્યનું મન પોતાના મોહપાત્રને છોડી બીજી તરફ જઈ શકતું નથી. કુમારે ફરી ફરીને બે ત્રણ વાર પોતાના પ્રયોગો કરી બતાવ્યા, પણ રાજાનું ચિત્ત પેલી ઢોલ વગાડતી નટપુત્રીમાં પરોવાયેલું તે કેમે કરતાં કુમાર તરફ ન વળ્યું તે નજ વળ્યું. તે ચિંતવવા લાગ્યો કે—" આ ઊંચા વાંસ ઉપર આધાર વગર નાચતો કુમાર જો નીચે પડે અને મરી જાય તો કેવું સારૂં ? જો તેમ થાય તો આ સુંદર નટી મને પ્રાપ્ત થાય." બરાબર તેજ વખતે ઊંચા વાંસને છેડે ચડેલા ઇલાયચીકુમારે એક અદ્ભુત દશ્ય જોયું. ગામની એક પોળમાં એક મુનિ મહારાજને એક અત્યંત રૂપ-સૌંદર્ય-લાવણ્યવતી નારી નિર્ભયપણે આહારાદિ સામગ્રી વ્હોરાવી રહી છે અને પેલા સંયમી મુનિરાજ પૃથ્વી તરફ નીચાં નેત્રો ઢાળી શાંત ભાવે ઉભા છે. ઇલાયચીકુમારે વિચાર કર્યો કે-પોતાની સામેજ જગતના સમસ્ત સૌંદર્યના ભંડાર ખુલ્લા હોવા છતાં આ મુનિમહારાજનું તે તરફ લેશમાત્ર ચિત્ત નથી જતું એ કેવું આશ્ચર્ય ? તેમના પોતાના મનમાંજ કેટલું અગાધ સૌંદર્ય હોવું જોઈએ કે જેથી આ સામેનું સૌંદર્ય તેમને તુચ્છ અને તૃણવત્ લાગે છે ? ધન્ય છે તેમના સંયમને, ધન્ય છે તેમની અચંચળ મનોવૃત્તિને ! આ રીતે શુભ વિચારની શ્રેણીએ ચડતાં તેનો મોહનો પડદો તુટ્યો અને આત્મજ્ઞાનનો ઉદય થયો. રાજાને પેલી નટીમાં અને રાણીને પોતાનામાં મોહમુગ્ધ થયેલાં પોતાના જ્ઞાનદર્પણમાં જોયાં. અંતે તેમને સૌને પણ તેના ઉપદેશથી આત્મસૌંદર્યનું દર્શન થયું. આ કથા અમારા જૈનસમાજમાં સારી પેઠે પ્રચાર પામેલી છે અને તેને લગતાં ચિત્રો પણ કોઈ કોઈ મંદિરોમાં જોવામાં આવે છે. અષ્ટવિધ સામાયિકમાં પરિજ્ઞાનાત્મક સાતમી સામાયિક સાથે આ કથાનો સંબંધ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન કથા સાહિત્યનો ઉપયોગ અને જાળવણી—જૈન કથાનું સાહિત્ય એ તો માત્ર ફુરસદને વખતે વાંચવાનું સાહિત્ય હોત તો આટલું જળવાત કે કેમ ? એ એક શંકા છે. મુનિમહારાજાઓ સવારના વ્યાખ્યાનમાં આવું એકાદ કથાનક પસંદ કરી શ્રોતાઓને સંભળાવે છે અને તે એક આવશ્યક ધર્મકર્તવ્ય ગણાય છે. બપોરના વખતમાં ઉપાશ્રયમાં સ્ત્રીસમુદાયમાં સાધ્વીજીના કે કોઇ શીક્ષિતા શ્રાવિકાના અધ્યક્ષપણા નીચે રાસ કે ચરિત્ર વાંચવાનો રીવાજ છે; અને સાયંકાળે પ્રતિક્રમણમાં, સજ્ઝાયમાં અથવા તે પછી કેટલેક સ્થળે આવી વાતો ચર્ચાય છે. આથી કરીને જૈન કથા સાહિત્ય સંપૂર્ણ યથાર્થ રૂપમાં અત્યારસુધી જળવાઈ રહ્યું છે અને જ્યાંસુધી એ ક્રમ અખંડિત રહેશે ત્યાંસુધી જળવાશે એ નિર્વિવાદ છે.

બૌદ્ધ કથાનક સાથે તુલના—ઘણીખરી જૈન કથાઓને અંતે કથાકાર કેવળીને અથવા સર્વજ્ઞ જિન ભગવાનને લાવે છે અને તેમની દ્વારા જન્મ જન્માંતરના વિવિધ કારણો પ્રકટ કરાવી સમગ્ર ઘટનાનું રહસ્ય ખુલ્લું કરે છે. જૈન વાર્ત્તાકારોની આ પદ્ધતિ બૌધ જાતક કથાનું સ્મરણ કરાવે છે; પરંતુ જાતકો કરતાં જૈન કથામાં એક વિશેષતા છે. જાતક કથાઓ એવી રીતે શરૂ થાય છે કે ઘણે ભાગે સમજવું મુશ્કેલ થઇ પડે. અમુક સાધુને અમુક થયું એવી રીતે જાતક કથાનો પ્રારંભ થાય છે. પછી બુદ્ધ ભગવાન્ પધારે છે. અને પ્રશ્નના ઉત્તરમાં બુદ્ધ ભગવાન્ તે શ્રમણના પૂર્વજન્મનું વૃત્તાંત કહી સંભળાવે છે. જાતકની મુખ્ય કથા ભતકાળને ઉદ્દેશી હોય છે; જ્યારે જૈન કથા ભવિષ્ય કે પરિણામ તરફ વહેતી હોય છે. લગભગ બધી જાતક કથાઓમાં બોધિસત્ત્વ કે ભાવિ બુદ્ધ પોતેજ ભાગ લેતા હોય છે. જૈન કથાઓમાં તેમ નથી હોતું. આનું કારણ મને એમ લાગે છે કે જાતક કથાઓ પ્રાય: હિંદુસ્તાનની જુદી જુદી લોકકથાઓમાંથી જન્મ પામી હોય છે તેથી તેમાં રસિકતા, અદ્ભુતતા અને વૈચિત્ર્ય જળવાય છે પણ તેને સુઘટિત બનાવવા કેટલાક પરિવર્તન કરવાં પડે છે; અને આમ પરિવર્તન કરવાથી કોઇ કોઇ વાર મૂળ કથા શુષ્ક પણ બની જાય છે. જૈન લેખકોએ મૂળ પ્રચલિત લોકકથાઓનો આશ્રય લીધો છે પણ પોતાને અનુકૂળ બનાવવા તેમાં વિરૂપતા આવે એવી કાપકુપ નથી કરી. બનતાં સુધી તો તેમણે લોકરીવાજ અને યુગની ભાવના તેના ખરા સ્વરૂપમાં જાળવી રાખવાનો પ્રયત્ન કર્યો છે. બુદ્ધ કથામાં અર્થકથા કે રાજકથા પાપરૂપ છે. જૈન લેખકો એ વિષયમાં સ્વતંત્ર છે. તેઓ તો વાર્ત્તામાંના પાત્રોને સદ્‌ગુણી કે દૈવી ચિતરવાને પણ બંધાતા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારણકે તેઓ જાણે છે કે વાર્તાનો સાર કંઇ વાર્તામાં બનેલા બનાવો ઉપરજ અવલંબતો નથી, પરંતુ કેવલી ભગવાન્ વાર્તાને અંતે જે રહસ્ય બતાવશે તેના ઉપરજ અવલંબે છે. આથી જૈન લેખકો વાર્તાના પાત્રોને પૂરેપૂરી સ્વતંત્રતાથી ઘાત પ્રતિઘાત અને સુખ દુઃખમાં થઇને લઇ જાય છે. આખરે કેવલી ભગવાન્ આવી પાત્રોને પડેલા દુઃખો કયા કયા દુષ્કર્મના ફળ છે તે સમજાવે છે અને પડદો ઉંચકી જતાં અનંત પ્રકાશ પ્રાપ્ત થાય છે. જૈન લેખકોએ જેમ જુની પ્રચાલત લોકકથાઓમાં વિવિધ રંગ પૂર્યા છે તેમ ધર્મપ્રચાર અને ધર્મદેશના માટે સિદ્ધાંતને દૃષ્ટિમાં રાખી ઘણી ઘણી નવી કથાઓ પણ રચી છે.

જૈન સાહિત્યની અસર—જૈન સાહિત્યનો પ્રભાવ કેવળ તેની સાંપ્રદાયિક સીમામાં જ સમાપ્ત નથી થતો. પોતાના પાડોશી સાહિત્ય ઉપર પણ તેણે અસર કરી છે. ડો. વેલર કહે છે કે જૈન ધર્મ સંબંધી મારૂં જ્ઞાન પણ ઘણે અંશે બ્રાહ્મણોના શાસ્ત્રમાંથી જ આવ્યું છે. શ્રીમદ્ ભાગવદ્માં બુદ્ધ ભગવાનને જેમ વિષ્નુના અવતાર માન્યા છે, તેમ પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવને પણ વિષ્ણુના અવતાર તરીકે ઓળખાવ્યા છે. યોગવાશિષ્ટમાં રામ પોતાના ગુરૂ શ્રી વશિષ્ઠને કહે છે કે:—

नाहं रामो न मे वाञ्छा, भावेषु च न मे मनः ।
शांतिमासितुमिच्छामि, स्वात्मनीव जिनो यथा ॥

શાન્તિપર્વના મોક્ષપર્વમાં પણ લખ્યું છે કે:—

एतदेवं च नैवं च, न चोभे नानुभे तथा ।
कर्मस्था विषयं ब्रुयुः, सत्त्वस्थाः समदर्शिनः ॥

એ જ પ્રકારે જૈનસાહિત્યે પણ હિંદના સાહિત્યમાંથી ઘણું સારૂં લાગ્યું તે ઝીલવામાં સંકોચ નથી કર્યો. કાલીદાસના મેઘદૂત ઉપર કેટલાક જૈન કવિઓ મુગ્ધ થઇ ગયા છે અને તેમણે મેઘદૂતના અનુકરણમાં ઘણા સરસ કાવ્યો જૈનસાહિત્યને ભેટ ધર્યા છે. મેઘદૂતના પ્રત્યેક શ્લોકના અંતીમ ચરણને લઇ અને કેટલાકમાં પ્રત્યેક ચરણને લઇ જૈન કવિઓએ સરલ કલ્પનાવૈભવ તથા ભાષાલાલિત્ય પ્રકટ કર્યાં છે. કેટલાક વિદ્વાન જૈન લેખકોએ જૈનેતર ગ્રંથો ઉપર પોતાની વ્યાખ્યાઓ અને વૃત્તિઓ પણ રચી છે. આમ ધર્મસિદ્ધાંતમાં મત મતાંતર હોવા છતાં સાહિત્યમાં તો જૈન લેખકોએ ભેદભાવને એક કોરે રાખી એક ચિત્તે અને શુદ્ધ ભાવે સાહિત્યસાધના કરી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ॐ वीर.

ઉપસંહાર.

સજ્જનો ! ચાર વેદની પેઠે જૈનસાહિત્યના પણ ચાર ભાગ છે. પ્રથમ દ્રવ્યાનુયોગ Philosophy of Religion, જેમાં તત્વજ્ઞાન, અધ્યાત્મજ્ઞાન, ન્યાય જ્ઞાનના સાહિત્યનો સમાવેશ થાય છે. બીજા ભાગમાં ચરણકરણાનુયોગ Conduct of Religion જેમાં ધર્મને આચારમાં ઉતારવાના સિદ્ધાંતોનો સમાવેશ થાય છે. ત્રીજો ભાગ કે જેને ધર્મકથાનુયોગ Demonstraation of Religion કહે છે. આ ભાગમાં ઉપર કહેલા બન્ને અનુયોગના સિદ્ધાંતોને અમલમાં મુકનારના ચરિત્રો હોય છે અને ચોથોભાગ ગણિતાનુયોગ Tne jain Cosmology નો છે. જેમાં ક્ષેત્રસમાસ તથા જૈન ભૂગોળ–ખગોળનો સમાવેશ થાય છે. આ ચારે ભાગના સાહિત્યનો યથાવિધિ અભ્યાસ કરે તો જૈન પરમાત્મવિદ્યા (Theology), આત્મવિદ્યા, (Psycology), વિશ્વવિદ્યા (Bosmology), અને પરલોકવિદ્યા (Estachology) એ ચારે વિષયોનો જૈન માન્યતા સંબંધીનો નિર્ણય અભ્યાસીને જણાઈ આવે તેમ છે.

જૈન આગમમાંથી માત્ર મેં આચાર વિધાનવાળા સૂત્રોનોજ ઉલ્લેખ કર્યો છે. જૈનના ન્યાય સાહિત્ય, તત્ત્વજ્ઞાન સાહિત્ય, ભાષાસાહિત્ય, અને વિજ્ઞાન સાહિત્ય વિષે કુશળ જૈન વિદ્વાનો આપણને વિશેષ કહેશે. મારા લેખમાં મેં ઉપદેશિક સાહિત્યનો ઉલ્લેખ કર્યો છે અને તેનું વર્ણન આ લોકમાં શુભ પ્રવૃત્તિ કરાવવાનું અને અધ્યાત્મ દ્વારાએ જીવનના અંતિમ સાધ્ય મોક્ષ કે મહાનંદ તરફ લઈ જવાનું છે એ જણાવ્યું છે. મારા લેખમાં ઘણી ત્રુટીઓ રહેલી છે એમ હું જાણું છું, તથાપિ લેખ લખીને નિબંધ વાંચવાનો આ મ્હારો પ્રથમ પ્રયાસ હોવાથી આપ ઉદારતાથી ક્ષમા કરશો. છેવટે મારા આ લેખને મારા જર્મન મિત્ર પ્રો. હરમન જેકોબીની જૈન સાહિત્યની પ્રગતિ વિષેની ગાથા ટાંકી સમાપ્ત કરૂં છું.

जिणपवयणं पसिद्धं, जंबुदिवम्मि चेव सव्वम्मि ।
कीत्ति जस्सं च अचिरा, पायवो सयल पुढविए ॥

इति शुभम्.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરિશિષ્ટ.

સાહિત્યની પરસ્પર અસર.

૧ જૈન સૂત્ર ગ્રંથમાં કલ્પસૂત્ર પણ ગણાય છે. પવિત્ર સૂત્રોમાં આ સૂત્ર અગ્રગણનીય એટલા માટે ગણાય છે કે આમાં શ્રી તીર્થંકરોના સંક્ષિપ્ત પણ મૂળ ચરિત્રો છે. અને કયા વર્તનથી તેમણે કેવળજ્ઞાન ને મોક્ષનો મહા આનંદ પ્રાપ્ત કર્યો હતો એ વર્તનરૂપ આચાર જેને સાધુસમાચારી કહે છે તે પણ તેમાં છે. આ પવિત્ર સૂત્રમાં ગણધરવાદ છે. તેમાં શ્રી મહાવીરસ્વામીએ ઈંદ્રભૂતિ નામના ગૌતમગોત્રી વિદ્વાન બ્રાહ્મણનો સંશય—

विज्ञान घन एव एतेभ्यः भूतेभ्यः समुत्थाय तान्येवानुविनश्यति न प्रेत्यसंज्ञाऽस्तीति એ વેદ પાઠવડે દૂર કર્યો હતો.

૨ જૈનયોગ ગ્રંથો—યોગબિન્દુ, યોગદૃષ્ટિસમુચ્ચય, યોગવિંશિકા, યોગશાસ્ત્ર, યોગશતક, યોગસાર, સમાધિ શતક, પરમાત્મ પ્રકાશ, જ્ઞાનાંકુશ, સમભાવશતક, ધ્યાનશતક, ધ્યાનસાર, ધ્યાનદીપીકા, ધ્યાનવિચાર, અધ્યાત્મ ઉપનિષદ્, અધ્યાત્મબિન્દુ, અધ્યાત્મતરંગિણી, અધ્યાત્મ ગીતા—વિગેરે.

૩ પ્રથમ જ્યારે મેં આચારાંગ સૂત્ર અવલોકયું ત્યારે મને તેમાં સમજણ પડી હતી નહી, પરન્તુ જ્યારે Francis of Assisi નું ચરિત્ર વાંચ્યું કે આચારાંગસૂત્ર સમજાયું એટલુંજ નહી, પણ એ ફ્રેંચ સાધુ ચરિત્ર કરતાં જૈની દીક્ષા મને કાંઇ ન્યૂન ન લાગી. ફ્રાન્સિસે જ્યારે બ્રહ્મચર્ય (Chastity), અકિંચનત્વ (Poverty), વિનય (Obedience) અને શ્રદ્ધાને (Faith) મુખ્ય કર્યા હતા ત્યારે જૈન સાધુના ચારિત્રમાં ઉપરના સદ્ગુણો ઉપરાંત અહિંસા, સત્ય વિગેરે બીજા પણ ગુણો ક્રિયાગત છે, અને કાળાનુસાર હાલ પણ ઘણેક અંશે યથાશક્તિ તે ગુણોનું સેવન થયા કરે છે.

૪ જૈન સાહિત્ય પોતામાં રહેલા આત્મા સિવાય બીજા કોઇને જગત્‌ના કર્ત્તા, ભોક્તા કે હર્તા માનતું જણાતું નથી, તથાપિ તે નાસ્તિક નથી, કારણકે પાણિની મુનિ કહે છે કે—

परलोकोऽस्तीति मतिर्यस्यास्तीति आस्तिकः ।
परलोको नास्तीति मतिर्यस्यास्तीति नास्तिकः ।

પરલોક છે એવું માનનાર આસ્તિક છે. અને એવું નહીં માનનાર નાસ્તિક છે.

૫ આદર્શ પુરૂષોને જૈનો શલાકા પુરૂષ- મહા પુરૂષ ને યુગપ્રધાન અને ધર્મનો પ્રભાવ વધારનારને જૈન સાહિત્યમાં પ્રભાવિક પુરૂષ ગણેલા છે.

૬ સમાજવાદના એક પ્રશ્નનો નિવેડો જૈનમાન્યતા દાખવી શકે એવું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમના સાહિત્યમાં મળી આવે છે. મનુષ્યે ખાવા માટે અન્ન, પહેરવા માટે વસ્ત્ર, અને રહેવાને માટે નિવાસસ્થાન એટલા ઉપરાંત કાંઇપણ મીલકત ન રાખવી. આવી મર્યાદા કરનાર લોભનો નિગ્રહ કરવા પરિગ્રહનું પ્રમાણ કરે છે. પરિમાણ ઉપરાંત જે મીલકત હોય તે શુભ કામમાં ખર્ચી નાંખે છે. આ ઉપરથી અમેરીકામાં સાંભળેલ એક વિચારનું સ્મરણ થાય છે કે જે મનુષ્યની દોલત ત્રણ કરોડ ડાલર કરતાં વધારે હોય તે વધારાની દોલત દેશના લોકોને આપી દેવા તેમણે ગવર્મેન્ટને સોંપવી.

૭ જૈન સાહિત્યે પોતાના કાવ્યોમાં, કથાનકોમાં, રાસોમાં, નાટકોમાં નવે રસને પોષ્યા છે. તદ્‌હેતુને લઇ શૃંગારરસને ગૌણ રાખી શાન્ત રસને પોષે છે. આ દેશમાં જ્યારે બાળલગ્ન નહિ હતા, અને બ્રહ્મચારી આશ્રમમાંજ બારબાર વર્ષ સુધી વિદ્યાર્થી અભ્યાસ કરતા, ત્યારપછી પતિ-પત્ની થનારાઓને વાત્સાયન શાસ્ત્રનો અભ્યાસ કરાવતા. પરંતુ આ કાળે શૃંગારરસે સ્વચ્છંદે બિભિત્સરસ અને વ્યભિચારનું સ્વરૂપ લીધું છે, ત્યારે શૃંગારનું પોષણ સમાજને હિત કરતાં હાનિકર્તા વિશેષ છે, એવું સમજી જૈનસાહિત્યકારોએ શૃંગાર ગૌણ કરી શાન્ત રસને પોષ્યો હોય એવું અનુમાન થાય છે.

૮ જૈનો જ્ઞાનપંચમીને દિવસે વ્રત કરી જ્ઞાનપૂજા કરે છે. આ દિવસ દર વર્ષે કાર્તિક શુદિ પંચમીએ આવે છે. પૂર્વના વખતમાં જ્ઞાનપંચમીનું વ્રત કરનાર વ્રતની પૂર્ણાહુતી વખતે ઉજમણું કરીને જ્ઞાનના સાહિત્યો એટલે સાપડા, નવકારવાળી, કાગળ, કલમ, ઉપરાંત પુસ્તકો લખાવી કિંમતી પાઠાઓમાં રાખી, દાબડામાં મૂકી ભંડારમાં રખાવતા હતા. હાલમાં એ પ્રચાર ઓછો થઈ ગયો છે.

૯ કળિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય કેવા જ્ઞાનશ્રીમંત હતા, તેમનું ઉદાહરણ આ પ્રમાણે છે. તેઓ શતાવધાન કરતા, વિશેષ અવધાનો પણ કરતા, શાહીના કુંડની આસપાસ એકી સાથે પાંચસો લહિયાઓને લખવા બેસાડતા, અને પ્રત્યેક લહિયાને ભિન્ન ભિન્ન વિષયોપર વારાફરતી શ્લોકો લખાવતા હતા.

૧૦ જૈન દર્શન છે કે ધર્મ ? Philosiphy or Religion ? કેટલાએક જૈનેતર વિદ્વાનોનું માનવું એવું સંભળાય છે કે ન્યાયાદિ ષડ્ દર્શનોની પેઠે જૈન એક દર્શનજ છે-એક પ્રકારની દૃષ્ટિ છે, એટલે કે વસ્તુને અનેક સ્વરૂપે જોવાની દૃષ્ટિ છે. જૈન સાહિત્યનું વિશેષ અવલોકન કરનારને માલુમ પડશે કે જૈન દર્શન કે ફીલસુફી તો છેજ પરંતુ તેનું વિશેષ લક્ષ્ય ધર્મ કે રીલીજીયનપર છે; કારણકે પોતાનામાં રહેલા શુદ્ધાત્મા કે પરમાત્માને પામવાને, તેના માનનારને સર્વે જીવોપર સમભાવ શિખવવો પડે છે, અને એ સમભાવના આચરણ પછીજ મનુષ્ય શુદ્ધાત્મા અર્થાત્ પરમાત્માનું ધ્યાન--દર્શન--પૂજન--મનન-ભક્તિ યથાર્થ રીતે કરી શકે છે; અર્થાત્ ધર્મની ભીંતપર જૈન--સાહિત્યનો પ્રાસાદ નિર્ભર છે. સમભાવ તેના હૃદયમાં છે, અને સ્યાદ્વાદ તેના મુગટનો ચૂડામણિ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org